Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૮૩ (ચાલુ) વીર સં. ૨૫૦૪
વિક્રમ સં. ૨૦૩૪ આસો

વાર્ષિક લવાજમ રૂા. ૭

## તારા ચિત્તમાં દાખલ થાત

કાલે રાતે, નિર્જન શય્યામાં એકલો બેસીને હું મારા ગત જીવનની કેટલીય વાતોનો વિચાર કરતો હતો; એવામાં મેં સાંભળ્યું કે તું મારા મનને કહે છે.—"અરે મસ્ત, અરે મુગ્ધ, અરે ભાનભૂલા, તેં તારા બધા બારણાં ખુલ્લા રાખ્યા હતાં, તારા એ ખુલ્લા ઘરમાં આ ચંચળ સંસારનાં બધા છાયા પ્રકાશ, બધી ભૂલ, બધી ધૂળ, બધાં દુઃખ શોક, બધાં ભલાંબુરાં અને ગીતગંધ સાથે વિશ્વે પ્રવેશ કર્યો હતો, તેની સાથે તારી ખુલ્લી બારીમાંથી અજ્ઞાતપણે અસંખ્યવાર હું ઉતરી આવ્યો હતો. બારણાં બંધ કરીને જો તું મારૂં નામ જપતો હોત તો હું તારા ચિત્તમાં નિઃસંદેહ દાખલ થાત."

શ્રી રવિન્દ્રનાથ ટાગોર.

## પુરૂષાર્થ ને પ્રારબ્ધ

પ્રારબ્ધ અને પુરૂષાર્થ એ બે શબ્દ સમજવા જેવા છે. પુરૂષાર્થ કર્યા વિના પ્રારબ્ધની ખબર ન પડી શકે. પ્રારબ્ધમાં હશે તેમ થશે એમ કહી બેસી રહ્યે કામ ન આવે. નિષ્કામ પુરૂષાર્થ કરવો, પ્રારબ્ધને સમપરિણામે વેદવું, ભોગવી લેવું એ મોટો પુરૂષાર્થ છે. સામાન્ય જીવ સમપરિણામે વિકલ્પ રહિતપણે પ્રારબ્ધ વેદી ન શકે. વિષમ પરિણામ થાય જ. માટે તે ન થવા દેવા ઓછા થવા ઉદ્યમ સેવવો. સમપણું અને વિકલ્પ રહિતપણું સત્સંગથી આવે અને વધે.

× × ×

નિરાબાધપણે જેની મનોવૃત્તિ વહ્યા કરે છે, સંકલ્પ વિકલ્પની મંદતા જેને થઇ છે, પંચ વિષયથી વિરક્ત બુદ્ધિના અંકુરો ફુટ્યા છે; કલેશના કારણો જેણે નિર્મૂળ કર્યાં છે, અનેકાંત દૃષ્ટિને જે સેવ્યા કરે છે. જેની માત્ર એક શુદ્ધ વૃત્તિજ છે તે પ્રતાપી પુરૂષ જયવાન વર્તો, આપણે તેવા થવાનો પ્રયત્ન કરવો જોઈએ.

સુખધામ અનંત સુસંત ચહી, દિન રાત તદ્દ્ધ્યાન મહીં;
પરમશાન્તિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વરતે જય તે.

શ્રીમદ્ રાજચન્દ્ર

પ્રકાશક : **શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર**

પુસ્તક : ૭૫ ] ઓકટોબર : ૧૯૭૮ [ અંક : ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : અનુક્રમણિકા :


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| નિરભિમાનીને હંમેશા શાંતિ હોય છે. | સ્વ. આ.શ્રી વિજયધર્મસૂરિ | ૧૯૭ |
| એકલા આવ્યા, જીવન ધ્યેય, વીજ ઝબકારા (કાવ્ય) | કમળાબેન ઠક્કર | ૧૯૮ |
| એક મહાન વિભૂતિ સ્વ. આ.શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ | જયભિખ્ખુ | ૧૯૯ |
| સ્યાદ્વાદ જ અમૃતવાદ છે | પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ | ૨૦૩ |
| મુંબઈ પ્રાર્થના સમાજમાં પૂ.આ.શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.ની ગુણાનુવાદ સભા | | ૨૦૬ |
| હરીબળ માછી | સુશીલ | ૨૦૯ |
| સંયમની સાધનાનાં જીવંત દૃષ્ટાંતો | ડૉ. સોનેજી | ૨૧૨ |
| પેટ્રન સાહેબોની નામાવલિ | | ૨૧૩ |
| વાર્ષિક અનુક્રમણિકા | | ૨૧૭ |
| સમાચાર સંચય | | ૨૧૯ |


## આ સભાના નવા આજીવન સભ્યો

**શ્રી ભીખુભાઇ તલકચંદ જસાણી** (ઉમરાળાવાળા) **ભાવનગર**

**શ્રી શાંતિલાલ લાલચંદ શાહ** (હારીજવાળા) **ભાવનગર**

**ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ** M. A. (Phd.) **મુંબઈ**

**સભાસદ બંધુઓ અને સભાસદ બહેનો,**

સવિનય જણાવવાનું કે સં. ૨૦૩૫ કારતક શુદિ ૧ બુધવાર તા. ૧-૧૧-૭૮ના રોજ બેસતા વર્ષની ખુશાલીમાં મંગળમય પ્રભાતે આ સભાના સ્વર્ગસ્થ પ્રમુખ શેઠશ્રી ગુલાબચંદભાઇ આણંદજી તરફથી પ્રતિવર્ષે કરવામાં આવતી દૂધપાર્ટીમાં (૯ાથી૧૧) આપશ્રીને પધારવા અમારૂં સપ્રેમ આમંત્રણ છે.

કાર્તિક શુદ પંચમીને રવીવાર સભાના હોલમાં કલાત્મક રીતે જ્ઞાન ગોઠવવામાં આવશે. તો દર્શન કરવા પધારશોજી.

## આત્મકલ્યાણ અર્થે પૂજા ભણાવવામાં આવી

આચાર્યશ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ અંગે ગુરુભક્તિ નિમિત્તે તથા આ સભાના ભૂતપૂર્વ ઉપપ્રમુખ સ્વ. શેઠ ફતેહચંદ ઝવેરભાઇ શાહની જન્મ તિથિ હોવાથી તેમના પુત્ર ભાઈ હિંમતલાલ તરફથી સ્વર્ગસ્થના આત્મકલ્યાણ અર્થે ભાવનગર જૈન આત્માનંદ સભાના લાઇબ્રેરી હોલમાં સં. ૨૦૩૪ના આસો સુદી ૧૦ બુધવારના રોજ શ્રી પંચ કલ્યાણકની પૂજા ભણાવવામાં આવી અને પ્રભાવના કરવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી દીનેશભાઈ વીરચંદભાઈ શાહ

### જીવનની ટુંકી રૂપરેખા



ગ્રામ્ય પ્રદેશમાં ઉદ્દગમ પામેલ પુષ્પને નવપલ્લવિત કરનારી શહેરી રશ્મિના સહયોગથી સંપૂર્ણ વિકસિત બની શકે છે. તેનું અજોડ દૃષ્ટાંત ભાઈશ્રી દિનેશ વીરચંદ શાહ.

જન્મસ્થાન પડધરી ૧૯૪૭ માં સહસ્રરશ્મીના પ્રથમ દર્શન કર્યા. આમ જનતાની મુશ્કેલીઓનો અનુભવ શૈશવકાળમાં કર્યો. માતા અને પિતાના સંસ્કારથી પુષ્પને અનેરી સૌરભ મળી. માતા-પિતાની મહેચ્છાને માન આપી, મુંબઇ શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં રહી મુંબઈ કોલેજમાં અભ્યાસ શરૂ કર્યો. વડીલબંધુ વિનોદભાઇ વગેરેના શિરે કુટુમ્બની જવાબદારી હતી તેથી નચિંત હતા. પરંતુ એક જ વર્ષમાં વિદ્યાલય છોડી ઘેર રહી અભ્યાસ ચાલુ રાખ્યો. નોકરી પણ સ્વીકારવી પડી અને બી-કોમની ઉપાધિ ઉપલબ્ધ કરી. ૧૯૬૯ માં પિતાશ્રી દિવંગત થયા, શોકની ઘેરી છાયા કુટુમ્બ પર પ્રસરી ગઈ.

પિતાશ્રીની સંસ્કારી ભાવના, હિંમત ને તમન્ના વારસામાં મળેલ, તેથી નોકરીનો ત્યાગ કરી ધંધામાં ઝૂકાવ્યું. ધીમે, ધીમે પ્રગતિના સોપાન સર કરવામાં ઈશ્વરી સહાય મદદરૂપ બની. જાત પરિશ્રમ, ખંત, શુભ ભાવનાના બળે વેપારી મંડળની ચાહના મેળવવામાં યશસ્વી બન્યા. આજે 'મેસર્સ જયેશ એન્ટર પ્રાઇઝ' નામની પેઢી તેઓશ્રી ચલાવે છે. ધંધાકીય પ્રવૃત્તિમાં રચ્યા પચ્યા રહેવા છતાં ધાર્મિક, સામાજીક પ્રવૃત્તિમાં પણ પૂરતું લક્ષ આપે છે. તે માટે તેઓશ્રી પરમ પૂ. શ્રી જયાનંદવિજયજી મહારાજ (તેમના સંસારી મામા) સાહેબના ખૂબ ઋણી છે. જાહેર ક્ષેત્ર, શિક્ષણ અને સમાજ ઉત્કર્ષ માટેની ભાવના હરહંમેશ હૃદયસ્થાને બીરાજે છે.

તેઓશ્રીએ જામનગર અને હાલાર વિશાશ્રીમાળી જૈન યુવક મંડળ, મુંબઇના માનદ્ મંત્રીપદને વર્ષો સુધી દીપાવ્યું. અત્યારે શ્રી જામનગર અને હાલાર, વિશાશ્રીમાળી જૈન યુવક મંડળ મુંબઇ, સંચાલિત જામનગર જૈન સમાચાર (માસિક) ના માનદ્ તંત્રી તરીકે સેવા આપી રહ્યા છે.

શ્રી ગોકળદાસ ડાહ્યાભાઈ શાહ વિશાશ્રીમાળી વણિક વિદ્યોત્તેજક સંસ્થા (જામનગર) નો સુવર્ણ જયંતિ મહોત્સવ (સને ૧૯૭૪) ઉજવાયેલ ત્યારે મુંબઇ સમિતિના સભ્ય તરીકે સેવા અર્પી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


ઓલ્ડ બૉયઝ યુનિયન ( શ્રી મહાવીર જૈન વિદ્યાલય ) તેમજ અન્ય સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સેવાનું કાર્ય કરી રહ્યા છે.

તેમના દરેક કાર્યમાં તેમના ધર્મપત્ની અ. સૌ. હંસિકાબહેન સંપૂર્ણ સાથ સહકાર આપી, તેમના યશમાં ભાગીદાર બની રહ્યા છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઓલ્ડબૉયઝ યુનિયન દ્વારા પ્રસિદ્ધ થતાં ' વિદ્યાલય દર્શન'ના સંપાદક સલાહકાર મંડળમાં તેઓશ્રી સેવા અર્પી રહ્યા છે. ઉપર્યુક્ત મંડળની વ્યવસ્થાપક સમિતિના પણ તેઓ સભ્ય છે. શ્રી મહાવીર વિદ્યાલયના આજીવન સભ્ય છે.

સામાજિક, શૈક્ષણિક પ્રશ્નો પર તેઓ સુંદર રીતે લેખ લખે છે. તેમજ તે પ્રશ્નોના વિવિધ પાસા ઉપર ચર્ચાઓ દ્વારા વેધક પ્રકાશ પાથરે છે.

સામાજિક ઉત્કર્ષ માટેની ઉત્તમ ભાવના ખૂબ પ્રશંસનીય છે. જરૂર એક દિવસે આ શુભ ભાવના ઉત્તમ પરિણામ લાવશે તે નિઃશંક છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

• તંત્રી : **શ્રી** ગુલાબચંદ લલ્લુભાઈ શાહ •

| વર્ષ : ૭૫ | વિ. સં. ૨૦૩૪ આસો : ઓકટોબર ૧૯૭૮ | અંક : ૧૨ |
|---|---|---|


## નિરાભિમાનીને હંમેશા શાંતિ હોય છે

અભિમાનથી જ મનુષ્યો વિતંડાવાદ કરીને પોતાની જિંદગી વ્યર્થ ગુમાવી દે છે; ને પરભવમાં અનેક દુઃખોના ભાગી થાય છે. તે વખતે અભિમાન કાંઈ આડુ આવતું નથી, પરંતુ જીવ ઉલટો કોડીનો બને છે.

નિરાભિમાની પુરૂષો અહંકાર–મમકારના શત્રુ હોવા સાથે સત્યપક્ષના પક્ષપાતી હોય છે. તેઓનાં હૃદયકુહરમાં વિવેક–વિનય અને શમ–દમાદિની દીવાળી પ્રકટે છે જેને લીધે વસ્તુતઃ જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ રત્નત્રયીને જોઈ શકે છે, તેમજ અન્યને પણ તેનો પ્રકાશ કરાવી શકે છે. માનની અસ્તદશામાં મનુષ્યો ગુણીના ગુણગાન કરવામાં ભાગ્યશાળી નિવડે છે. સ્વયં ગુણી અને ગુણાનુરાગી એ બે પ્રકારના પુરૂષો ચારિત્રગુણ અને દર્શનગુણ પામી શકે છે, તે સિવાયના અભિમાનપર્વત ઉપર ચઢેલા ગુણદ્વેષી પુરૂષો વાસ્તવિક વસ્તુને ન જાણવાથી મિથ્યાત્વભૂમિ ઉપર સ્થિત છે, એમ સંભળાય છે. તેને માટે જુઓ નીચેના બે શ્લોકો :—

गुणी च गुणरागी च गुणद्वेषी च साधुषु । श्रूयन्ते व्यक्तमुत्कृष्टमध्यमाधमबुद्धयः ॥६०॥
ते च चारित्रसम्यक्त्वमिथ्यादर्शनभूमयः । अतो द्वयोः प्रकृत्यैव वर्तितव्यं यथाबलम् ॥६१॥

( શ્રીમદ્યશોવિજયકૃત માર્ગદ્વાત્રિંશિકા )

સ્વયંગુણી, ગુણાનુરાગી અને સાધુજનોમાં દ્વેષ ધારણ કરનાર એવા ત્રણ પ્રકારના પુરૂષો સ્પષ્ટ રીતે સંભળાય છે. તેઓને અનુક્રમે ઉત્કૃષ્ટ, મધ્યમ અને અધમ સમજવા. (૩૦) વળી તેઓને અનુક્રમે ચારિત્ર, સમ્યક્ત્વ અને મિથ્યાદર્શનની ભૂમિ ઉપર રહેલા એટલે કે ચારિત્રી સમ્યક્ત્વી અને મિથ્યાદષ્ટિ સમજવા. તેટલા માટે વિવેકી પુરૂષે પ્રથમના બે પ્રકારના માર્ગમાં યથાશક્તિ, વર્તન કરવું, પરંતુ ત્રીજાની એટલે કે ગુણદ્વેષીપણાની રીતભાતને દૂર તજવી. (૩૧)

—સ્વ. આ. શ્રી વિજયધર્મસૂરિ

For Private And Personal Use Only

## એકલા આવ્યા

( કાચબો કાચબી...હીંચ )

એકલા હતા, એકલા આવ્યા, એકલા જાવાનું,
નથી કોઈ સાથ રહેવાનું, વૃથા શું ફોગટ ફાંફાં ખાય!
મારૂં મારૂં કરી મમતની તેં જાળ રચી જગમાંય,
એક પછી એક દોર વધારતો ગુંચવાતી અતિ જાય.
બુરાઈ કરવામાં નવ બાકી રાખતો સ્વારથમાંય,
પણ કર્યાં તે ભોગવવા એ લેખ લખ્યા ન ટળાય.
સાધન સત્તા ધન વૈભવનું ગૌરવ રાખે સદાય,
રહ્યું ન કોઈનું રહેવાનું ના કોઈ રંક ઘડી કોઈ રાય.
પર નિંદાનો પાર ન રાખ્યો સાચાં જૂઠાં માંય,
વેર ને ઝેરની જિંદગીમાં ન કર્યાં સુખી કે ન તું થાય.
જન્મ ધર્યાનું સાર્થક જાણી ઊતારો આચાર માંય,
થાવ ભલા કરો ભલુ કોઈનું એજ ચાહે જગ રાય.

卐

## જીવન ધ્યેય

( સારંગ...ત્રિતાલ )

તિમિર મહીં તરફડતાં દેખી દીપક કરે લઈ ધરજો;
અટવાતાં અજ્ઞાન જીવોને જ્ઞાન દિશા સૂચન કરજો.
રૂંધાયા મુંઝાયાઓનાં હૈયાંને હળવા કરજો;
અનુપમ ઘટના કર્મ તણી સમજાવા પળ ના વિસરજો.
જેનું કોઇ જગતમાં નહિ તેનાં થાતાં નવ ડરજો;
સ્હેવું પડે તે સહી દુખીના આંસુ લ્હોવાને ફરજો.
દુનિયાનો સ્વામી જગ સેવે તેવા યત્નો આદરજો;
મનુષ્ય જીવનનું એજ ધ્યેય મનમાં રાખી જગમાં ફરજો.

卐

## વીજ ઝબકારો

( તિલક-કામોદ...ત્રિતાલ )

જાણે કે જિંદગી ખરે છે વીજ તણો ઝબકારો;
તોયે શાને મમતા બાંધે પ્રપંચ ગણતો પ્યારો.
માયા માયા કરતો મુરખ માયા રસ લે સારો,
અમરપણું પામ્યો જાણે કે જાવાનો ના વારો.
કર્યાં કર્મ ભોગવવાં કહે પણ પોતે બાંધે ભારો,
બંધાએલો બંધાશે વળી ઉગરવા દૂર આરો
કરણી કથની ઉભય જુદી ના કો'થી એ ડરનારો,
બહિર રૂડો ને અંદર કૂડો પરોપદેશે સારો.
ઉદય તેમજ અસ્ત આખરે દુઃખમહીં સમજનારો,
પસ્તાયે પૂરો પણ ગયો સમય ફરી ના મળનારો.

કમળાબેન ઠક્કર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એક મહાન વિભૂતિ
# સ્વ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરિશ્વરજી મહારાજ

—જયભિખ્ખુ

જ્ઞાન એ જીવનનું અમૃત છે, અને કેળવણી એ સંસારનું 'કલ્પવૃક્ષ છે. આ વૃક્ષનાં ત્રણ ફળો એ વિવેક, દર્શન અને ચારિત્ર્ય છે. આ અમરફળોની સંસારને સંપ્રાપ્તિ થાય, એ માટે આપણા ઋષિ-મુનિઓ, આર્ષદ્રષ્ટાઓ ને યુગપ્રધાન પુરૂષો સદા કાળથી પ્રયત્ન કરતા આવ્યા છે.

પોતાના પુરુષાર્થ દ્વારા અમર નામના મૂકી જનાર આવા યુગપ્રધાન પુરૂષોમાં સ્વ. શાસ્ત્રવિશારદ આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજીનું સ્થાન અગ્રગણ્ય છે. જ્ઞાન અને કેળવણીના સર્વાંગી વિકાસ માટે વિદ્યાગ્રંથો, વિદ્યાલયો ને વિદ્યાર્થીઓ તૈયાર કરી સમાજ અને દેશને ચરણે મૂકવાની તેઓશ્રીની તમન્નાએ તેમને 'નવયુગપ્રવર્તક'નું બિરુદ અપાવ્યું હતું.

આ નવયુગના દ્રષ્ટા અને પ્રવર્તક આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજી મહારાજ સૌરાષ્ટ્રની ભૂમિના રત્ન હતા. તેઓની જન્મભૂમિ મહુવા હતી, ને દીક્ષાભૂમિ ભાવનગર હતી. અને વિદ્યા અને કેળવણીની એ વખતે માતૃભૂમિ લેખાતાં મિથિલા, બિહાર-બંગાળ અને ઉત્તર પ્રદેશને તેઓએ પોતાની કર્તવ્યભૂમિ બનાવ્યાં હતાં.

કાશી-બનારસમાં તેઓએ ઘણાં વર્ષ ગાળ્યાં. જૈનોના બાળકો માત્ર લક્ષ્મીપુત્રો નહિ, પણ સરસ્વતીપુત્રો પણ બને-વસ્તુપાળ અને તેજપાળ જેવા બને-એ આશયથી તેઓએ ત્યાં શ્રી યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળાની સ્થાપના કરી. આ પાઠશાળાએ દેશ અને સમાજને ચરણે અનેક વિદ્વદ્રત્નોની ભેટ કરી. ને એ પ્રયત્નમાં જ તેઓ ફરીવાર બનારસ તરફ જતાં વિ. સં. ૧૯૭૮માં ભાદરવા સુદિ ૧૪ના રોજ ગ્વાલિયરથી ૭૨ માઈલ દૂર આવેલ શિવપુરી ગામમાં સ્વર્ગવાસ પામ્યા.

શ્રી વિજયધર્મસૂરિજીની અંતરની તમન્ના જૈન દર્શન અને જૈન તત્ત્વજ્ઞાનનો ભારતભરમાં પ્રસાર થાય અને ભારતના સીમાડા ઓળંગી, સાગર પાર કરી પશ્ચિમના દેશોમાં પણ એનો પ્રસાર થાય તેવી હતી. અને આ માટે જૈન વિદ્વાનો, ઉપદેશકો ને પ્રચારકો તૈયાર કરવાની એમણે હામ ભીડી હતી. આ યત્નમાં તેઓએ સમાજને મહાન પંડિતો, આગમજ્ઞાતાઓ, વક્તાઓ, લેખકો ને સંશોધકોની ભેટ ધરી છે; તેમ જ, એથી આગળ વધી, તેઓએ પ્રો. હર્ટલ, ડો. શુબ્રીંગ, ડો. વિન્ટરનીત્સ વગેરે યુરોપીય વિદ્વાનોને પણ પોતાના તરફ આકર્ષી ભારતવર્ષમાં આવવા પ્રેર્યા હતા, ને જૈનધર્મના પ્રશંસક બનાવ્યા હતા.

એમની પછી આ કામ તેમના સમર્થ શિષ્યોએ ઉપાડી લીધું. અને તેઓએ પોતાના ગુરુનું કામ આગળ ધપાવવા યથાશક્ય યત્ન કર્યો. આ પ્રયત્નના પરિણામે ગુરૂમહારાજનું કામ સારૂં વિકસિત થયું. ડો. શારલોટે ક્રાઉઝે નામના જર્મન વિદુષી બહેને જૈનધર્મ અંગીકાર કર્યો, ને પોતાનું નામ સુભદ્રાબહેન રાખ્યું.

શ્રી વિજયધર્મસૂરિજીએ પોતાના જીવનકાળ દરમ્યાન શ્રી યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળા બનારસ, શ્રી વિજયધર્મલક્ષ્મી જ્ઞાનમંદિર, આગ્રા; શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ, શિવપુરી; શ્રી યશોવિજયજી જૈન બાળાશ્રમ, મહુવા; શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ, પાલીતાણા ને શ્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યશોવિજય જૈન ગ્રંથમાળા, ભાવનગર એમ જ્ઞાનપ્રચારની પરબો સમી વિવિધ સંસ્થાઓ સ્થાપી હતી.

આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજીને આજથી લગભગ ત્રણસો વર્ષ પહેલાં થયેલા આગમ, ન્યાય, વ્યાકરણ, કાવ્ય, દર્શન ને ફિલસૂફીના પ્રકાંડ પંડિત ને મહાન સાધુ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ તરફ અનન્ય ભક્તિ હતી; એટલે તેઓ વિદ્યા કે કેળવણીની જે સંસ્થા પોતે સ્થાપતા, તે સંસ્થાની સાથે પોતાનું નામ ન જોડતાં તેઓનું પુણ્યનામ મૂકતા.

એ પુણ્યનામથી અંકિત શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાનો જન્મ બનારસ ખાતે વિ. સંવત ૧૯૬૪ની અક્ષય તૃતીયાએ આચાર્યશ્રીના વરદ હસ્તે થયો હતો. એ વખતે શ્રી યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળા પણ બનારસમાં ચાલતી હતી, અને પ્રાચીન જૈન ગ્રંથોના પ્રકાશનના ક્ષેત્રે આ ગ્રંથમાળાની જાહોજલાલી પ્રવર્તતી હતી.

ગ્રંથમાળાની સ્થાપનાનો હેતુ ગ્રંથપ્રકાશનનો હતો; કેમકે જૈનાચાર્યોએ રચેલા ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, તર્કને ભાષાના અનેક ગ્રંથો પ્રાચીન ભંડારોમાં મોજૂદ હતા, પણ પ્રકાશનની સગવડના અભાવે તેનો ઉપયોગ થતો નહિ, ને જૈન વિદ્યાર્થીઓને પણ અભ્યાસ માટે બીજેથી સહાય મેળવવી પડતી હતી. વળી, જૈનેતર ને યુરોપીય વિદ્વાનોની જૈનધર્મ વિષે જાણવાની ઘણી ઉત્કંઠા રહેતી, પણ યોગ્ય પ્રકારનાં ને યોગ્ય ભાષાનાં પુસ્તકો ન મળવાથી તેઓ તેનાથી વંચિત રહેતા.

આ સંસ્થા છ વર્ષ બનારસમાં રહી, ને સુંદર કાર્ય કર્યું. આ પછી વધુ સુવિધા માટે એને સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ ને સંસ્કારી શહેર ભાવનગરમાં લઈ જવામાં આવી. ભાવનગર એ સૌરાષ્ટ્રનું એક અનોખું શહેર છે, ને ત્યાંનું વાતાવરણ વિદ્યા-સંસ્કારને યોગ્ય છે, તેમ જ એ શ્રી વિજયધર્મસૂરિજીના ગુરુ મહાન સંત શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની સ્વર્ગવાસભૂમિ ને તેઓની દીક્ષાભૂમિ છે. અહીં આવ્યા પછી આ સંસ્થાએ જૈન ગ્રંથોના પ્રકાશન ઉપરાંત જૈનેતર વિદ્વાનો ને યુરોપીય વિદ્વાનોમાં જૈનધર્મ અને તત્ત્વજ્ઞાનના પ્રચારમાં સારો એવો હિસ્સો આપ્યો.

આચાર્યશ્રીના સ્વર્ગવાસ પછી તેઓના સમર્થ શિષ્યોએ આ સંસ્થાને યથાયોગ્ય માર્ગદર્શન અને મદદ આપ્યા કરી; એમાંય શાંતમૂર્તિને નામે જાણીતા, ઇતિહાસવેત્તા અને 'આબુ'ના લેખક પૂ. મુ. શ્રી જયંતવિજયજી મહારાજ તથા તેમના સુયોગ્ય શિષ્ય શ્રી વિશાલવિજયજી મહારાજે આ સંસ્થાના વિકાસ માટે એનો પુનરુદ્ધાર કર્યો. અહીંથી આબુ, રાણકપુર, શંખેશ્વર. સમેતશિખર વગેરે તીર્થોનાં, પુરાતત્ત્વની દૃષ્ટિએ સુંદર પુસ્તકો તૈયાર કરી સમાજને ભેટ ધર્યાં; પણ દુર્ભાગ્યે મહામુનિ શ્રી જયંતવિજયજી મહારાજનું વિ. સં. ૨૦૦૫ ના માગસર સુદ ૭ના રોજ વલભીપુર મુકામે અવસાન થયું.

મુનિશ્રી જયંતવિજયજી મહારાજે પોતાની હયાતીમાં જ સંસ્થાના બંધારણને વ્યવસ્થિત કરીને એનું સંચાલન એક બાહોશ કમિટીને સુપરત કર્યું હતું; ને ત્યારથી આજ સુધી એ ધોરણે જ એનું સુચારુ સંચાલન થઈ રહ્યું છે.

આ સંસ્થાએ એના સ્થાપકના નામથી સમાજના વિદ્વાનોના સન્માન માટે એક 'શ્રી વિજયધર્મસૂરિ જૈન સાહિત્ય સુવર્ણચંદ્રક'ની યોજના કરી, જે હજી ચાલે છે. ને તેના દ્વારા પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી, સ્વ. શ્રી મોતીચંદભાઈ ગિરધરલાલ કાપડિયા, પંડિતવર્ય શ્રી બેચરદાસ જીવરાજ દોશી, પં. લાલચંદભાઈ, મુનિશ્રી જિન-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિજયજી, આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજનું બહુમાન કરી પોતાનુ માન કર્યું છે.

પૂજ્યશ્રી જયંતવિજયજી મહારાજના અવસાન પછી તેઓના સુશિષ્ય મુનિ શ્રી વિશાલ વિજયજી મહારાજે આ જ્ઞાનજ્યોતને પ્રકાશમાન રાખવા માટે સારાં સારાં પ્રકાશનો આપ્યાં છે.

આ સંસ્થાના પ્રમુખપદે જાણીતા સાહિત્યકાર શ્રી 'સુશીલ' ભાઈ ઘણો વખત રહ્યા હતા. તેઓશ્રીના અવસાન પછી સંસ્થાનું પ્રમુખ તરીકેનું સુકાન શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહે સંભાળ્યું છે, જે આજ સુધી સુંદર રીતે સંચાલન કરી રહ્યા છે.

આ સંસ્થાની ભૂતકાળની કારકિર્દી માટે ઘણું ઘણું કહી શકાય તેમ છે, પણ અહીં આંગળી ચીંધવા માત્રનો સંતોષ લઈને આ પૂરું કરીશું. આ સંસ્થાનાં પ્રકાશનોની યાદી જોવાથી તેની કાર્યવાહીનો કંઈક ખ્યાલ આવી શકે તેમ છે.

●

## શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાનાં પ્રકાશનોની યાદી

૧ પ્રમાણુનયતત્ત્વાલોકાલંકાર (મૂલ)
૨ હૈમલિંગાનુશાસનમ્
૩ સિદ્ધહેમશબ્દાનુશાસન (લઘુવૃત્તિ)
૪ ગુર્વાવલી
૫ સિદ્ધહેમશબ્દાનુશાસન (મૂલમાત્ર)
૬ રત્નાકરાવતારિકા (બે પરિચ્છેદ) (ટિપ્પન તથા પંજિકાયુક્ત)
૭ જૈનસ્તોત્રસંગ્રહ ભાગ ૧
૮ મુદ્રિતકુમુદચંદ્રપ્રકરણમ્
૯ જૈનસ્તોત્રસંગ્રહ ભાગ ૨
૧૦ ક્રિયારત્નસમુચ્ચય
૧૧ સિદ્ધહેમશબ્દાનુશાસનસૂત્ર-પાઠસ્ય અનુક્રમ
૧૨ કવિકલ્પદ્રુમ
૧૩ સમ્મત્યાખ્યપ્રકરણમ્ પ્રથમો વિભાગ
૧૪ જગદ્ગુરુકાવ્યમ્
૧૫ શાલિભદ્રચરિત્રમ્
૧૬ પર્વકથાસંગ્રહ : પ્રથમો ભાગ
૧૭ ષડ્દર્શનસમુચ્ચય:
૧૮ શીલદૂતકાવ્યમ્
૧૯ નિર્ભયભીમવ્યાયોગ
૨૦ શાંતિનાથચરિત્રમ્
૨૧ રત્નાકરાવતારિકા પરિચ્છેદ ૧, ૨
૨૨ ,, ,, ૩-૮
૨૩ ,, સંપૂર્ણ
૨૪ વિજયપ્રશસ્તિમહાકાવ્યમ્
૨૫ ગુરુગુણરત્નાકરમહાકાવ્યમ્
૨૬ ન્યાયાર્થમંજૂષા
૨૭ ઉપદેશતરંગિણી
૨૮ મલ્લિનાથચરિત્રમ્
૨૯ સ્યાદ્વાદમંજરી
૩૦ પાર્શ્વનાથચરિત્રમ્
૩૧ હેમવિભ્રમ:
૩૨ પાંડવચરિતમ્
૩૩ શબ્દરત્નાકરકોષ
૩૪ પ્રાકૃતમાર્ગોપદેશિકા
૩૫ ધર્મમહોદયમ્
૩૬ સુજનસમ્મેલનમ્
૩૭ વિજયપ્રશસ્તિસાર
૩૮ મહામહોપાધ્યાય ગંગાધર શાસ્ત્રી કે જૈન દર્શનકે વિષય મેં અસત્ય આક્ષેપોંકા ઉત્તર
૩૯ જૈનશાસન—દિવાળી ખાસ અંક
૪૦ જૈનતત્ત્વદિગ્દર્શન (હિંદી)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪૧ જૈનશિક્ષાદિગ્દર્શન
૪૨ અહિંસાદિગ્દર્શન
૪૩ પુરુષાર્થદિગ્દર્શન
૪૪ આત્મોન્નતિદિગ્દર્શન
૪૫ શાણી સુલસા
૪૬ પ્રાચીન શ્વેતાંબર, અર્વાચીન દિગંબર
૪૭ ચંપકશ્રેષ્ઠીકથા
૪૮ શ્રીવિશેષાવશ્યકભાષ્ય
૪૯ અનેકાંતજયપતાકા
૫૦ અભિધાનચિંતામણિકોષ
૫૧ નેમિનાથમહાકાવ્યમ્
૫૨ શૃંગારવૈરાગ્યતરંગિણી
૫૩ તેરાપંથમતસમીક્ષા
૫૪ તેરાપંથહિતશિક્ષા
૫૫ શિક્ષાશતક
૫૬ વિજયધર્મસૂરિજીવનપ્રભા
૫૭ દેવકુલપાટક
૫૮ ઐતિહાસિક રાસસંગ્રહ ભાગ ૧
૫૯ ,, ,, ૨
૬૦ ઐતિહાસિક સજ્ઝાયમાળા ભાગ ૧
૬૧ ધર્મદેશના
૬૨ ઇંદ્રિયપરાજયદિગ્દર્શન
૬૩ રત્નચૂડકથા
૬૪ જૈનસાહિત્યસંમેલન ભાગ ૧, ૨
૬૫ આદર્શ સાધુ
૬૬ અહિંસા
૬૭ શાણી સુલસા ( હિંદી )
૬૮ માનવધર્મ
૬૯ ધર્મદીપિકા વ્યાકરણ
૭૦ પૃથ્વીચંદ્રચરિત્ર
૭૧ પર્વકથાસંગ્રહ
૭૨ દ્વાદશવ્રતકથા
૭૩ વિજયધર્મસૂરિકે વચનકુસુમ
૭૪ ઐતિહાસિક રાસસંગ્રહ ભાગ ૩
૭૫ ,, ,, ભાગ ૪
૭૬ પ્રાચીન તીર્થમાલા ભાગ ૧
૭૭ પ્રાચીન લેખસંગ્રહ ભાગ ૧
૭૮ તત્ત્વાખ્યાન ભાગ ૧, ૨
૭૯ ધર્મપ્રદીપ
૮૦ ધર્મજીવનપ્રદીપ
૮૧ ગુરુદેવ અષ્ટપ્રકારી પૂજા
૮૨ આર્હતદર્શનદીપિકા
૮૩ શાહ કે બાદશાહ
૮૪ Reminiscences of Vijaya Dharma Suri
૮૫ Sayings of Vijaya Dharma Suri
૮૬ જૈનધર્મનું ઉત્કૃષ્ટ સ્વરૂપ
૮૭ The Heritage of the Last Arhata
૮૮ An Interpretatlon of Jain Kaleidoscope
૮૯ Light of the Soul
૯૦ અધ્યાત્મતત્ત્વાલોક
૯૧ પંડિત હરગોવિંદદાસની જીવનઝરમર

## તીર્થપરિચય-ગ્રંથાવલી

૯૨ તીર્થરાજ આબુ ( સચિત્ર )
( આબુ ભાગ પહેલો )
૯૩ અર્બુદ પ્રાચીન જૈન લેખસંદોહ
( આબુ ભાગ બીજો )
૯૪ અચલગઢ ( સચિત્ર )
( આબુ ભાગ ત્રીજો )
૯૫ અર્બુદાચલ પ્રદક્ષિણાવર્ણન
( આબુ ભાગ ચોથો )
૯૬ અર્બુદાચલ પ્રદક્ષિણા જૈન લેખસંદોહ
( આબુ ભાગ પાંચમો )
૯૭ Holy Abu ( સચિત્ર )
૯૮ ચિત્રમય તીર્થરાજ આબુ
( આબુનું આલ્બમ )
૯૯ શંખેશ્વર મહાતીર્થ ( સચિત્ર )
૧૦૦ શંખેશ્વર સ્તવનાવલી

( અનુસંધાન પેજ ૨૦૩ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્યાદ્વાદ જ અમૃતવાદ છે

લેખક : પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ (કુમારશ્રમણ)

( ગતાંક થી ચાલુ )

સોમિલના પૂછેલા પ્રશ્નોનો જવાબ આપતા મહાવીરસ્વામીએ કહ્યું કે હે સોમિલ! મે કહ્યું હતું કે–'હું એક છું' આ મારા કથનમાં આશયભેદ સમજવાની આવશ્યકતા છે. પૃથ્વી–પાણી–અગ્નિ–વાયુ–વનસ્પતિ આદિ જૂદી જૂદી જાતના દ્રવ્યો હોવા છતાં પણ 'દ્રવ્યત્વ'ની અપેક્ષા રાખીને 'દ્રવ્ય એક છે'. આમ સંગ્રહ નયની ભાષામાં પ્રત્યેક માનવ બોલે છે અને સામેવાલો તેનો ભાવ સમજી જાય છે. તે જ પ્રમાણે 'હું એક છું' આમાં પણ જીવ દ્રવ્યની અપેક્ષા સમજી લેવાની છે. યદ્યપિ જીવમાં અસંખ્યેય પ્રદેશો રહેલા જ છે, તેમ છતાં તેમની અનેકતાનો આશ્રય લીધા વિના કેવળ જીવ દ્રવ્યની અપેક્ષાએ 'જીવ એક છે' આમ સૌ કોઈ બોલે છે અને સૌ કોઇ સમજે છે.

સોમિલ! આ સંસાર કેવળ એક વ્યક્તિનો નથી પણ અનેકાનેક દેશ–જાતિ–ધર્મ અને ભાષાઓથી વ્યાપ્ત થયેલા આ સંસારના વ્યવહારનો કેવળ પોતાના મનઘડંત શાસ્ત્રોના પાનાઓથી નિર્ણય કરવા જતાં સંસારનો કેટલોક વ્યવહાર જે અનપવર્તનીય છે, તેમાં વિરોધ ઉભો થતાં બગડી જશે, માટે સંસારના વ્યવહારનો યથાર્થ જ્ઞાન મેળવવાને માટે 'અસત્યામૃષા' એટલે કે વ્યવહારમાં બોલાતી અને સત્ય સ્વરૂપે સમજાતી ભાષાનો પણ પ્રયોગ કરીએ તો માનવ સમાજના ઘણા ઝઘડા પોતાની મેળે જ સમાપ્ત થયા વિના રહેતા નથી.

"હું બે છું" આ પ્રમાણે દ્રવ્યત્વની અપેક્ષાએ 'જીવ' એક હોવા છતાં સ્વભાવોની ભિન્નતાના કારણે જીવોમાં ભેદ પડે તો પણ કોઈ જાતની બ.ધા આવતી નથી. કેમકે જીવના સ્વભાવો એક સમાન નથી હોતા, માટે તે અપેક્ષાએ મેં કહ્યું હતું કે 'હું બે છું' એટલે કે જ્ઞાન અને દર્શનની અપેક્ષાએ મારા બે સ્વરૂપ હોવાથી 'હું બે છું' કહેવાયું છે. યદ્યપિ જીવ દ્રવ્ય છે અને જ્ઞાન દર્શન ગુણ છે તેથી તેમાં ભેદ સ્પષ્ટ દેખાય છે, પરંતુ ભૂલવું ન જોઇએ કે ગુણો હંમેશા દ્રવ્યાશ્રિત જ હોય છે "द्रव्याश्रिता गुणाः" અર્થાત્ ગુણ

( અનુસંધાન પેજ ૨૦૨થી ચાલુ )


૧૦૧ પૂર્વભારતની જૈન તીર્થભૂમિઓ (સચિત્ર)
૧૦૨ રાણકપુરની પંચતીર્થી (સચિત્ર)
૧૦૩ શ્રી ઘોઘાતીર્થ (નવખંડા પાર્શ્વનાથ)
૧૦૪ ભોરોલ તીર્થ
૧૦૫ કુપરિયાળા તીર્થ
૧૦૬ સિંધવિહારવર્ણન
૧૦૭ બે જૈન તીર્થો (ચારૂપ અને મેત્રાણા)
૧૦૮ ત્રણ જૈન તીર્થો (કાવી, ગંધાર, ઝઘડિયા)
૧૦૯ ચાર જૈન તીર્થો (માતર, સોજીત્રા, ખેડા, ધોળકા)
૧૧૦ ભીલડિયા પાર્શ્વનાથ તીર્થ
૧૧૧ રાધનપુર જૈન પ્રતિમા લેખસંદોહ (સચિત્ર)
૧૧૨ શ્રી રાધનપુર (એક ઐતિહાસિક પરિચય)
૧૧૩ કુંભારિયા તીર્થ
૧૧૪ મુંડસ્થલ મહાતીર્થ
૧૧૫ સાંડેરાવ
૧૧૬ સેરિસા, ભોયણી અને પાનસર

**નોંધ:**–આ યાદિમાંના કેટલાક પુસ્તકો અપ્રાપ્ય છે. કેટલાક તિર્થો વિ.ના પુસ્તકોની નવી આવૃતિ બહાર પડી છે.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિના ગુણી હોતો નથી અને ગુણીમાં ગુણોની સ્થિતિ ત્રિકાળાબાધિત છે. આ કારણે આત્મા દ્રવ્ય અને જ્ઞાનાદિ ગુણોની કથંચિત્ અભિન્નતા પણ સ્વીકાર્ય છે. આપણે જાણીએ છીએ કે જ્ઞાનદર્શન ગુણો ચૈતન્યસ્વરૂપ જીવમાં જ હોય છે, જડમાં હોતા નથી, માટે આત્મા જ્ઞાનમય પણ છે અને દર્શનમય પણ છે.

તને કદાચ શંકા થઈ શકે છે કે વસ્તુનું વિશેષ ગ્રાહિત્વ જ્ઞાનમાં અને સામાન્ય ગ્રાહિત્વ દર્શનમાં છે, તો આ બંને જૂદા જૂદા સ્વભાવના ગુણો એક આત્મામાં કઈ રીતે રહેતા હશે? જવાબમાં કહેવાયું છે કે સોમિલ! શાસ્ત્રોના અર્થો સ્વચ્છંદ બુદ્ધિએ કરવાથી માનવની બુદ્ધિમાં ભ્રમવિતંડાવાદ, સંશયવાદ, વિપરીત વાદાદિની ઉત્પત્તિ થયા વિના રહેતી નથી. તું તો બે ગુણો એક સાથે શી રીતે તેમાં પણ સંશયી થઇ ગયો છે પરંતુ જરા બુદ્ધિનો ઉપયોગ કરીશ તો જણાશે કે એક જ દ્રવ્યમાં બે-ત્રણ યાવત્ અસંખ્ય ગુણો કે પર્યાયોની વિદ્યમાનતા પણ સ્પષ્ટ છે. જેમ એક જ માનવમાં પોતાના પિતાની અપેક્ષાએ 'પુત્રત્વ' ધર્મ અને પુત્રની અપેક્ષાએ 'પિતૃત્વ' ધર્મ નકારી શકાતો નથી. આવા તો એક બીજાથી વિરોધ જેવા દેખાતા અનંત ધર્મો અસ્તિત્વ કે નાસ્તિત્વની અપેક્ષાથી વિદ્યમાન હોય છે.

'હું અક્ષય અને અવ્યય છું' આનો આશય છે કે જીવ માત્ર અસંખ્યેય પ્રદેશી છે અને તે પ્રદેશોમાંથી એક પણ પ્રદેશ જીવથી છૂટો પડતો નથી માટે પ્રદેશોની અપેક્ષાએ જીવ અક્ષય અને અવ્યય છે.

હવે અનિત્ય પક્ષ લઇને જવાબ આપતાં ભગવંતે કહ્યું કે, હે સોમિલ! ભૂતકાળમાં અનેકાનેક ભવોના પર્યાયોનો ઉપયોગ મારા આત્માને થયો છે, જે મારા આત્માથી જૂદો નથી. યાવત્ ૭૦ કોડાકોડી સાગરોપમના અસંખ્યાત કે અનંત ભવોના ભાવોનો ઉપયોગ આજે પણ મારા આત્મામાં વિદ્યમાન છે. વર્તમાન કાળના પર્યાયોનો પણ ઉપયોગ છે અને ભવિષ્યકાળના પર્યાયોનો ઉપયોગ પણ જીવ કરશે. આ પ્રમાણે જીવાત્મા ત્રણે કાળના પર્યાયોનો ઉપયોગ કરનાર હોવાથી મેં કહ્યું કે હું ભૂત, ભાવિ અને વર્તમાન પર્યાય વાળો છું.

કદાચ તમને આત્માની અનિત્યતા માટે શંકા હશે પણ સોમિલ! આજ સુધીનો ઈતિહાસ તારી આંખો સામે તરવરી રહ્યો છે કે, આત્માને એકાંતનિત્ય માનનારાઓ અને અનિત્ય માનનારાઓમાં ધુરંધર પંડિતો જ છે, પણ તેમનાં ડંડાડંડી મુષ્ટામુષ્ટિના યુદ્ધોથી આખોએ દેશ કંટાળી ગયો છે. આ બંને પંડિતો જ્યારે સામે સામા થઇને એક બીજાને ગાળો ભાંડે છે, ગંદા તેમજ અનાર્યને પણ શરમાવે તેવા બીભત્સ શબ્દો બોલે છે ત્યારે સોમિલ! આવી રીતની પંડિતાઇ કે શાસ્ત્રોની ભાષા દેશને માટે શા કામની? ખૂબ યાદ રાખજો કે આ દેશમાં પંડિતો સાવ થોડા છે, શ્રીમંતો અને સત્તાધારીઓ પણ થોડા છે, જ્યારે વચલો વર્ગ પોતાના પેટની ચિંતામાં ટાંટીઆ ઘસતો રાત દિવસ પસાર કરી રહ્યો હોય ત્યારે પંડિતો-શાસ્ત્રજ્ઞો, તત્ત્વજ્ઞોની લડાઈ દેશ તથા ધાર્મિકતાને ભયંકરમાં ભયંકર નુકશાન કરનારી બને છે.

આ વિષયમાં મારૂં કથન છે કે આત્માને એકાન્તે નિત્ય કે અનિત્ય માનનારા સત્ય નથી. કેમકે પ્રત્યક્ષ દેખાતો આત્મા એકાન્તે નિત્ય પણ નથી તેમ અનિત્ય પણ નથી. યાદ રાખજે! કોઈ પણ દ્રવ્ય પર્યાય વિનાનો કે એકેય પર્યાય દ્રવ્ય વિનાનો નથી. તેમજ બંનેનો સંબંધ 'સમવાય'ના કારણે ભાડુતી નથી પણ અનાદિકાળથી બંનેમાં સાહચર્ય રહેલું છે. માટે દ્રવ્યની દ્રવ્યાર્થિક નયે અને પર્યાયની વાત પર્યાયાર્થિક નયે કરવી. દ્રવ્ય નિત્ય છે તથા પર્યાય અનિત્ય છે. આ કારણે જીવકથંચિત્



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એટલે દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયોની અપેક્ષાએ અનિત્ય છે આ અપેક્ષાવાદથી જ વસ્તુની યથાર્થતાનું સત્ય જ્ઞાન મળશે.

તલેટીના પગથીયે ઉભા રહીને પાલીતાણા ગામ તરફ નજર કરતાં પ્રત્યેક ધર્મશાળા અને ઝાડ વગેરે ઉચા નીચા દેખાશે પણ ૧૦૦-૨૦૦ પગથીયા ઉપર ગયા પછી આખુંયે ગામ તમને એકાકાર દેખાશે. તેવી રીતે જ્યાં સુધી માનવીના મનમાં લડાઇ-ઝઘડાના સંસ્કારો મટ્યાં નથી ત્યાં સુધી પોતાની મતિકલ્પનાના રંગથી રંગાયેલા ચક્ષુઓથી માનવજાત ભેદભાવવાળી દેખાશે અને તમે તમારા સ્વભાવ પર આવીને સૌની સાથે જીભાજોડી તથા અવસર આવ્યે ગાળો ભાંડવા સુધી પણ પહોંચી જશો. આ બધા લક્ષણો પોતાના આન્તર જીવનમાં છુપાઈને રહેલા અભિગૃહીત મિથ્યાત્વના તાવના પરિણામે થાય છે. પરંતુ સૌથી પહેલા કષાયોને મારવાનું શિક્ષણ લેનાર જ્યારે ઉચ્ચ સ્થિતિએ પહોંચે છે ત્યારે તેને સૌ જીવો પોતાના આત્મા જેવા જ લાગે છે.

સોમિલ! સંસારને અમૃતમય બનાવવાને માટે આનાથી બીજો એકેય માર્ગ નથી, અને ભગવંતે વિરામ લીધો.

ગારૂડી મંત્રથી નાગરાજ અને કવીનાઈનથી મેલેરિયા તાવનો વિષ જેમ મટી જાય છે, તેમ ભગવંતની યથાર્થ સામ્ય, સૌમ્ય અને જીવ માત્ર હિતકારિણી વાણીને સાંભળીને સોમિલ પણ સમજતો થયો કે કેવળ શાસ્ત્રોનાં પાનાઓ ફેરવવા માત્રથી આજ સુધી જે તત્ત્વાર્થ હું સમજી શકયો ન હતો, તે આજે સમજી શકયો છું.

રાગદ્વેષ મિથ્યાપ્રતિષ્ઠા કે આડંબરથી ઉત્પન્ન થયેલા ઝઘડાઓ દૃષ્ટિ યુદ્ધો કે વાગ્યુદ્ધોને શાસ્ત્રોના પાનાઓથી શી રીતે વિરમિત કરી શકવાના હતાં? આમ તો હું પણ શાસ્ત્રોની-વેદોની, વેદાંતોની પંક્તિઓના વાળની ખાલ ઉતારનારો છું અને સામેવાળો પંડિત પણ તેમજ છે. શાસ્ત્રી, પંક્તિ, શ્લોક કે ગાથા એક જ છે છતાં પણ પંડિતો શાન્ત નથી થયા. પ્રત્યુત વૈરથી વૈર, ક્રોધથી ક્રોધ, મિથ્યાડંબરથી મિથ્યાડંબર વધ્યા, અને સંસારના માનવોને ધર્મ-મોક્ષ કે સ્વર્ગના નામે ઉંધે રસ્તે વાળીને જીવતા જાગતા સંસારને કડવો ઝેર જેવો બનાવી શકયા છીએ

આમ વિચારીને સોમિલ દેવાધિદેવ ભગવંતના ચરણોમાં ઢળી પડ્યો અને દ્રવ્ય તથા ભાવથી ચરણવન્દન કરીને શ્રદ્ધા સંવેગનો ભર્યો સોમિલ પરમાત્માને કહી રહ્યો છે કે 'હે પ્રભો! આજે મારૂં મિથ્યાજ્ઞાન આપશ્રીની વાણી સાંભળીને શાન્ત થયું છે કેમકે 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ'. આજ સુધી હું સંસારને જીતવા માંગતો હતો અને મારી પ્રતિષ્ઠા વધારવા માંગતો હતો જેથી મિથ્યાત્વના કાજલથી રંગાયેલી મારી દૃષ્ટિમાં જ દોષ હતો. પરંતુ આજે મારી દૃષ્ટિ બદલાઈ અને સંસાર ઉપરથી મારા આત્મા પર પડતાં જ, મને જણાઇ આવ્યું છે કે, 'જ્યાં મારા મન ઉપર વિષયવાસનાની કાળી નાગણ ચક્કર મારી રહી હોય, ભોગલાલસાની જીવતી ડાકણ મને સતાવી રહી હોય, કષાયોરૂપ ભૂતડા જ મને સંપૂર્ણપણે ખતમ કરીને મારા ઉપર જીત મેળવીને બેઠા હોય ત્યારે હું સંસારને શી રીતે જીતવાનો હતો? માટે હે પ્રભો! આજે આપશ્રીના ચરણો ગ્રહુ છું. આપનુ પ્રવચન શ્રધ્ધુ છું. અને આજથી આપશ્રીનો અનન્ય ઉપાસક બની રહ્યો છું.'

'યદ્યપિ આપશ્રીના ચરણોમાં અત્યાર સુધી ઘણા રાજા, મહારાજા, તલવરો, માંડલિકો, કૌટુંબિકો, ઇભ્યો, શ્રેષ્ઠીઓ, સેનાપતિઓ, ઉપરાંત તેમની પત્નીઓ, પુત્રીઓ અને પુત્રો પણ સર્વવિરતિ કે દેશવિરતિ ધર્મ સ્વીકારી ચૂકયા છે, માટે હું પણ આપશ્રી પાસે દેશવિરતિ ધર્મની વિશદ વ્યાખ્યા સાંભળવા માંગુ છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શાસ્ત્રવિશારદ આ. વિજયધર્મસૂરીશ્વરજી મ.ના ૫૬મા સ્વર્ગારોહણ દિનની

## મુંબઈ–પ્રાર્થનાસમાજમાં

# ગુણાનુવાદ સમારોહયુક્ત થયેલી ભવ્ય ઉજવણી

શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળના સ્થાપક સ્વ. શાસ્ત્રવિશારદ પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. (કાશીવાળા)ની ૫૬ મી સ્વર્ગારોહણ તિથિ તેઓશ્રીના પ્રશિષ્ય પંન્યાસશ્રી પૂર્ણાનંદવિજયજી (કુમારશ્રમણ) મ.ની પ્રભાવક નિશ્રામાં ભવ્ય રીતે ઉજવવામાં આવી છે.

આ નિમિત્તે ગુણાનુવાદનો એક વિશાળ સમારોહ ભાદરવા સુદ ૧૪ને શુક્રવાર તા. ૧૫–૯–૭૮ના રોજ પ્રાર્થના સમાજમાં, ખડાયતા ભુવનના વિશાળ હોલમાં, પૂજ્યશ્રીની નિશ્રામાં યોજવામાં આવેલ. આ પ્રસંગે અતિથિ-વિશેષ તરીકે મહારાષ્ટ્ર રાજ્યના શિક્ષણપ્રધાન શ્રી એસ. એચ. વર્દે ખાસ પધાર્યા હતા. તેઓશ્રીએ આ પ્રસંગે પ્રવચન કરતાં જણાવ્યું કે, ભગવાન શ્રી મહાવીરસ્વામીએ અહિંસા, સત્ય, અનેકાંતવાદના સિદ્ધાંતો આપ્યા. તેઓની પરંપરામાં શાસ્ત્રવિશારદ આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. થઈ ગયા, જેઓએ દેશ–પરદેશના અનેકોને આકર્ષ્યા અને જૈન ધર્મમાં વિદ્વાન બનાવ્યા. આજે શિક્ષણાચાર્ય અને શિષ્યો વચ્ચે જોઈએ તેવો મનમેળ નથી. જે ગુરુ પાસેથી સંસ્કારો અને જ્ઞાન મેળવવું હોય, તેઓ તો આપણા મહાન ઉપકારી છે. વળી, જ્ઞાન મેળવવા સખત પરિશ્રમ પણ કરવો જ પડે. વિદ્યાર્થીઓ આ દરેક વાત લક્ષમાં રાખે. આજની શિક્ષણ પદ્ધતિ પ્રત્યે મને પૂરો સંતોષ નથી. શિક્ષણક્ષેત્રે ઘણું કરવાનું રહે છે. આવા મહાન ગુરુઓ જે જ્ઞાન આપી ગયા છે તેનો ઉપયોગ સામાજિક કાર્યકરોએ કરવો જોઈએ.

ત્યારબાદ શિક્ષણપ્રધાનશ્રીએ શાસ્ત્રવિશારદ આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.ના તૈલ-ચિત્ર સમક્ષ દીવો પ્રગટાવી સુખડનો હાર પહેરાવ્યો હતો.

ત્યારબાદ આચાર્યશ્રીના પ્રશિષ્ય પંન્યાસશ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજે પ્રવચન આપતાં જણાવ્યું કે, જામનગરમાં, તેના દેશી રાજ્ય સમયે, એક વખત કૂતરા મારવાનું ફરમાન રાજ્યે બહાર પાડયું. તુરત બીજે જ દિવસે પૂજ્ય દાદા ગુરુદેવશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજશ્રીએ રાજમહેલ પહોંચી જઈ, રાજાને સમજાવી એ ફરમાન રદ કરાવ્યું. આબૂ, દેલવાડા, શત્રુંજય વગેરે તીર્થોમાં યુરોપિયનો બુટ પહેરી આવતાં તેનો પ્રતિબંધ પૂજ્યશ્રીએ વાઈસરોય મારફત પોલીટીકલ એજન્ટ પાસેથી જાહેર કરાવ્યો. પૂજ્યશ્રી ક્રાંતિવાદી ધાર્મિક મહાપુરૂષ હતા.

શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળના પ્રમુખશ્રી હિંમતલાલ કેશવલાલ શાહે આ પ્રસંગે બોલતાં જણાવેલ કે, શાસ્ત્રવિશારદજીએ સ્વયસેવક મંડળની સ્થાપના નાના પાયે કરી હતી જે આજે વિશાળ વટવૃક્ષરૂપે જોવા મળે છે તેનું બેન્ડ અને સ્વયંસેવકો જૈનસમાજની દરેક પ્રવૃત્તિમાં મોખરે રહે છે.

શ્રી મુક્તિલાલ વીરવાડીઆએ આ પ્રસંગે જણાવેલ કે, જર્મની, ઈટાલી, બ્રિટન આદિ વિદેશોના મહાન વિદ્વાનોએ ભારત આવી, આચાર્યશ્રીના સાંનિધ્યમાં ૭૦ ગ્રંથો રચ્યા હતા. કાશી–શીવપુરીમાં જૈન ફીલોસોફી ઉપર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩૦૦ વિદ્વાનો તૈયાર કરેલા. આ જ્ઞાનમૂડી જૈન સમાજનો વારસો છે.

શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સના મહામંત્રી શ્રી જયંતભાઈએ શાસ્ત્રવિશારદના અનેક ગુણો અને ધર્મ પ્રત્યેનો અદ્ભુત ભાવ કેવો હતો તેની વિસ્તૃત રજૂઆત કરી હતી.

શ્રી પ્રાર્થનાસમાજ જૈન સંઘ વતી શ્રી દિનેશભાઈ પનાલાલે સ્વાગત કરેલ. સંઘના પ્રમુખશ્રી રમણલાલ શેઠે શિક્ષણપ્રધાનશ્રી વદેને કુમકુમ કરી શ્રીફળ આપેલ તથા પૂજ્ય પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મ. સાહેબે વાસક્ષેપ નાખી આશીર્વચન આપ્યા હતા.

શ્રી હિંમતલાલ ડાહ્યાભાઈ કોઠારી, શ્રી વિક્રમભાઈ શેઠ, શ્રી રસિકભાઈ એન. કોરા, શ્રી ચીમનલાલ પાલીતાણાકર, શ્રી રવીન્દ્ર મોહનલાલ શાહ, પંડિતશ્રી અમૃતલાલ તારાચંદ વગેરે વક્તાઓએ ગુણાનુવાદપૂર્વક મનનીય પ્રવચન કર્યા હતા.

આ ગુણાનુવાદની સભા શ્રી અ. ભા. જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, શ્રી અ. ભા. જૈન યુવક કૉન્ફરન્સ, શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ, શ્રી પ્રાર્થના સમાજ જૈન દેરાસર ટ્રસ્ટ–સંઘ, શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ વગેરે સંસ્થાઓના ઉપક્રમે મળી હતી.

ઉપરાંત આવી બીજી સભાઓ પણ મળી હતી.

ગોવાલિયા ટેન્ક ખાતે પૂજ્ય આચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં મળેલ, જેમાં પૂજ્ય આ.શ્રી વિજયસુબોધસૂરીશ્વરજી મ., પૂજ્ય મુનિરાજશ્રી અરૂણવિજયજી મ. અને અન્ય વક્તાઓએ મનનીય પ્રવચનો કર્યા હતા.

વાલકેશ્વર ઉપાશ્રયે યોજાએલ સભામાં મધુર પ્રવચનકાર પૂજ્ય આ૦શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબે શાસ્ત્રવિશારદજીને શ્રદ્ધાંજલિ અર્પતાં ધાર્મિક શિક્ષણ ક્ષેત્રે તેમની સેવાઓ અપૂર્વ હોઈ બિરદાવી હતી.

હે જીવ ! વિચાર કર. આ સંસારમાં જીવ એકલો જન્મે છે, એકલો મરે છે અને એકલો જ પોતાના પૂર્વે બાંધેલા શુભાશુભ કર્મોનું ફળ ભોગવે છે. તેને કોઈ સગું નથી, કોઈ વ્હાલું નથી, બધાં તેનાથી કેવળ ભિન્ન છે માત્ર પૂર્વના ઋણાનુબંધના યોગે જીવો સંસારના જૂઠા સગપણથી સંબંધિત થાય છે, મેળો ભરાય છે અને ઋણનું ચૂકવણું પૂરૂં થતાં વિના વિલંબે, આદર્યા અધૂરા રાખી, જીવો વિદાય લેતા જાય છે. એક સમય માત્રનો ગોટાળો કે વિલંબ તેમાં થતો નથી. જે જન્મમરણો પરવશતાએ થયા કરે છે તેમાં શરણરૂપ કોઈ થતું નથી. એવા આ અનિત્ય અને અશરણરૂપ સંસારથી વિરામ પામ ! તારૂં હિત સંભાળ, ડાહ્યો થઈ સમજ....

( "ભક્તિમાર્ગનું રહસ્ય"માંથી )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

: બનાવનારા :

* બાર્જીસ
* લાઇફ બોટસ
* ટગ્ઝ
* ડ્રેજર્સ
* પોન્ટુન્સ
* મુરીંગ બોયઝ
* બોયન્ટ એપરેટસ
વિગેરે ..................

શીપ
બીલ્ડર્સ
અને
એન્જીનીયર્સ

: બનાવનારા :

* રોલીંગ શટર્સ
* ફાયરપ્રુફ ડોર્સ
* રોડ રોલર્સ
* વ્હીલ બેરોઝ
* રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
* પેલ ફેન્સીંગ
* સ્ટીલ ટેન્કસ
વિગેરે ..................

# શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું. પ્રાઇવેટ લીમીટેડ

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેક્ટર : શ્રી અમૃતલાલ ભાણજીભાઇ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ–૧૫ (ડી. ડી.)
ફોન : ૪૪૮૩૬૧, ૪૪૮૩૬૨, ૪૪૩૧૩૩
ગ્રામ : 'શાપરીઆ' શીવરી–મુંબઈ

એન્જીનીયરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઈ–૧૨ (ડી. ડી.)
ફોન : ૩૯૫૦૬૭, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ–મુંબઈ




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હરીબળ માછી

લેખક : સુશીલ

હરિબળ પોતે પૂર્વનો સંસ્કારી આત્મા હતો. તેના કુળમાં માછલાં પકડવાનો ધંધો ઉત્તરોત્તર ચાલ્યો આવતો હતો. હરિબળને પોતાને આ વ્યવસાય પસંદ ન હતો; પણ કુળ-પરંપરાની ખાતર એ ધંધો કરવા સિવાય બીજો કોઇ ઉપાય ન સૂઝયો. સ્ત્રીના આગ્રહથી રોજ તે તળાવ કે સરોવરમાં જાળ નાખી માછલાં પકડતો અને તે વડે પોતાના કુટુંબનો નિવાહ કરતો.

એક દિવસે તેનો ભાગ્યોદય થયો. તેને એક જૈન મુનિ મળ્યા. માર્ગમાં તેને ઉભો રાખી મુનિરાજે અહિંસાનો ઉપદેશ આપ્યો. હરિ-બળને પોતાને મૂળથી આ ધંધો ન્હોતો ગમતો. મુનિરાજનો ઉપદેશ તેના અંતરમાં પરિણમી ગયો. તેણે પોતાની કૌટુંબિક પરિસ્થિતિ વર્ણવી આ ધર્મસંકટમાંથી શી રીતે બચવુ તે મુનિરાજને પૂછયું.

"જો તું અધિક ત્યાગ ન કરી શકે તો છેવટે આટલો નિયમ તો અવશ્ય લઇ શકે કે જાળમાં જે મત્સ્ય પહેલ વહેલું આવે તેને કંઈ પણ ઇજા ન કરવી. સંપૂર્ણ અભયદાન આપી પાણીમાં પાછું મૂકી દેવું." મુનિરાજે ત્યાગ અને ભોગ વચ્ચેનો મધ્યમ માર્ગ દર્શાવ્યો.

હરિબળને એ તોડ રૂચ્યો. તેણે પ્રતિજ્ઞા કરી કે "જાળમાં જે પ્રાણી પહેલવહેલું આવે તેની મુદ્દલ હિંસા ન કરવી."

પ્રતિજ્ઞા તો બહુ સામાન્ય હતી. પણ એક દિવસે તેની પાકી કસોટી થઇ.

રોજની જેમ હરિબળ માછીએ જાળ નાખી, એક જબરજસ્ત મત્સ્ય તેમાં સપડાયું. હરિબળે જાળ બ્હાર કાઢી, પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે એ મત્સ્યને પાણીમાં મૂકી દીધું.

બીજીવાર જાળ નાખી. હવે જે મત્સ્ય જાળમાં આવે તેની ઉપર તેણે મોટો આધાર રાખ્યો. થોડી વાર રહીને જાળ બહાર કાઢી. આ વખતે પણ પહેલાનું જ મત્સ્ય બીજીવાર જાળમાં સપડાયું હોય એવી હરિબળને ખાત્રી થઈ. જેને એકવાર અભયદાન આપ્યું હોય તેની હિંસા કરવી એ ચોકખો પ્રતિજ્ઞાભંગ જ ગણાય, એમ ધારી બીજીવાર પણ એ મત્સ્યને પાણીમાં મૂકી દીધું.

મત્સ્ય પાણીમાં તો મૂકયું પણ ફરી વાર એજ મત્સ્ય જાળમાં આવે છે કે નહીં તેની ખાત્રી કરવા હરિબળે એ મત્સ્યની ડોકે એક કોડી બાંધી અને ત્રીજીવાર જાળ નાખી.

ભાગ્યયોગે ત્રીજી વારની જાળમાં પણ એજ એક મત્સ્ય આવ્યું. હરિબળ નિરાશ થયો. વારંવાર પ્રયત્ન કરવા છતાં એકનું એક જ માછલું આવવાથી તેને આમાં કંઇ ગૂઢ દૈવી સંકેત હોય એમ લાગ્યું. ખાલી હાથે ઘેર જવું એ ન ગમ્યું. કજીયાળી સ્ત્રીનું કલેશકઠિન મુખ તેની નજર આગળ ખડું થયું. સ્ત્રીના મુખની તર્જના સાંભળવી તેના કરતા જંગલમાં કયાંઈ પડી રહેવું અને બીજા દિવસની રાહ જોવી એ તેને વધુ સહિસલામત જણાયું.

આજે તો હવે ફરીવાર જાળ નજ નાખવી એવો નિશ્ચય કરી વનમાં એક દેવાલય હતું ત્યાં એક ખુણામાં જઇને સૂઈ રહ્યો અનુક્રમે સાંજ પડી. આખા દિવસના શ્રમ અને નિરાશાને લીધે રાત્રે પણ તેને પૂરી નિદ્રા ન આવી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હરિબળ સૂતો સૂતો અનેક પ્રકારના તર્ક-વિતર્ક કરી રહ્યો હતો. એટલામાં એ નિર્જન દેવાલયની બહાર કોઈના મૃદુ પગલાં પડતાં સંભળાયાં.

રાત્રીનો અંધકાર ચોતરફ વ્યાપ્યો હતો. આ નિર્જન અરણ્યમાં આવા અંધારામાં અત્યારે કોણ હશે એ જાણવા હરિબળે સુતાં સુતાં પગથીયા તરફ દ્રષ્ટિપાત કર્યો.

સુકુમારતાની મૂર્તિ જેવી એક બાળા, બહુજ ધીમે ધીમે મંદિરના ગર્ભાગાર તરફ આવતી હરિબળે જોઈ. તેને વનદેવીનો ભ્રમ થયો. ભય કે ગભરામણ એ તેને અપરિચિત હતાં. તે આંખો મીંચીને જ્યાં સુતો હતો ત્યાંજ પડી રહ્યો.

પેલી બાળા હરિબળની બરાબર પાસે આવીને ઉભી રહી. વીણાના સ્વર સમા શબ્દોમાં તે બોલી :—

" હરિબળ ! ઢોંગ કરવાનો આ સમય નથી. બહાર અશ્વ તૈયાર છે, જો વિલંબ થશે તો રાજદૂતો આવી પહોંચશે અને આપણે પકડાઈ જશું. "

ઢોંગ શા, અશ્વ શું અને રાજદૂત શું ? એમાંનો એક શબ્દ હરિબળ ન સમજી શક્યો. તેને આ બધું વિચિત્ર લાગ્યું. પણ લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મ્હોં ધોવા જવું એ ઠીક નહીં, એમ ધારી તે ઉઠીને ઉભો થયો.

આગળ રાજબાળા અને પાછળ હરિબળ. દેવાલયની હદ ઓળંગી બંને જણાં એક અશ્વ પાસે આવી ઉભા રહ્યાં.

અંધકારને લીધે એક બીજાનાં મ્હોં જોઈ શકાય એમ નહોતું. વગરબોલ્યા તે બંને જણ અશ્વ ઉપર આરૂઢ થયા. હરિબળે વધુ કંઈ વિચાર ન કરતાં ઘોડાને મારી મૂકયો.

" કેમ ? બરાબર સંકેત પ્રમાણે જ આવી પહોંચી ને ? " વળી ઘડીવાર રહીને પૂછયું, " તમારે કંઈ મારી બહુ રાહ નહીં જોવી પડી હોય ! "

બાળાના બધા પ્રશ્નોના જવાબ માત્ર હુંકારમાં જ મળ્યા. બાળાને પણ થયું કે આ માનમાં કંઈક ભેદ છે.

રાતમાં ને રાતમાં જ ઘોડો તેના બે આરોહિઓને લઈ ઘણે દૂર નીકળી ગયો. મ્હોં સુઝણું થતાં સ્ત્રી-પુરૂષે સામસામે જોયું અને બન્ને જણ ઊંડા વિચારમાં પડ્યા. હરિબળ આ બાળાને ન ઓળખી શકયો અને બાળા આ માછીને ન ઓળખી શકી.

× × ×

એક તરફ એક માછીમાર અને બીજી તરફ રાજવૈભવમાં ઉછરેલી વસંતશ્રી શી રીતે એક-બીજાના સંસર્ગમાં આવ્યા એ ભેદ જરા જાણવા જેવો છે. ભાગ્યલક્ષ્મી કેવી વિલક્ષણ રીતિએ પોતાના ભંડાર ખોલે છે તે આથી કંઇક સમજાશે.

હરિબળ માછી જે ગામમાં રહેતો હતો તે ગામમાં જિતારિ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને વસંતશ્રી નામની એક પુત્રી હતી. તે એકવાર ગોખમાં બેઠી બેઠી, જતાં આવતાં સ્ત્રી-પુરૂષોને કુતૂહલની ખાતર જોઈ રહી હતી. એટલામાં એક નૌજુવાન ગોખ નીચેથી પસાર થયો. વસંતશ્રી તેની સામે જોઇ રહી. યુવક અદ્રશ્ય થયો; પણ વસંતશ્રીની મોહનિદ્રા ન ભાંગી. તેણીએ એક દીર્ઘ નિઃશ્વાસ મૂકયો. પોતે કુંવારી છે અને આવા જ કોઇ એક સુંદર યુવાનના હાથમાં પોતાની જીવનનૌકા મુકવા માગે છે એ જીંદગીમાં આ પહેલી જ વાર સમજાયું.

વસંતશ્રીએ પોતાની દાસી મારફત પેલા યુવકની તપાસ કરાવી. એક રાત્રે બન્નેએ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અરણ્યના દેવાલયમાં મળવાનો અને ત્યાંથી દૂર દેશમાં નાસી જવાનો સંકેત કર્યો. યુવકનું નામ હરિબળ હતું. તે ગામના એક શ્રીમંત પિતાનો પુત્ર હતો.

સંકેત પ્રમાણે મુલ્યવાન્ અલંકારો પહેરી એક અશ્વ સાથે વસંતશ્રી દેવાલયમાં હાજર થઇ. પણ પેલો શ્રેષ્ઠીપુત્ર-હરિબળ બીક કે કાયરતાને કારણે ઘરમાં જ પડી રહ્યો.

વસંતશ્રીએ જ્યારે દેવાલયમાં આવી હરિબળને પહેલવહેલું સંબોધન કર્યું ત્યારે તેણીને એવો તો સ્વપ્ને પણ ખ્યાલ નહીં આવ્યો હોય કે હરિબળ શ્રેષ્ઠીપુત્રને બદલે હરિબળ માછી સાથે તેનો સ્નેહસંબંધ યોજાય છે. પછી તો વિધિનો પોતાનો જ આ સંયોગ સાધવામાં મુખ્ય હાથ છે એમ માની વસંતશ્રીએ હરિબળ માછીને પોતાના જીવનનિયંતા તરીકે સ્વીકાર્યો. બન્નેએ ગાંધર્વ વિધિએ લગ્ન કર્યાં અને પતિ-પત્ની રૂપે, વિશાળા નગરીમાં જઇ વસ્યા.

× × ×

અહીંઆ હરિબળને રાજ્યમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ.

તે પોતાની સાહસિકતા, વીરતા અને સચ્ચરિત્રતાના પ્રતાપે થોડા જ વખતમાં લોકપ્રિય થઈ પડયો.

એક દિવસે વિશાળાના સ્વેચ્છાચારી નૃપતિની બુદ્ધિ બગડી. તે હરિબળની ધર્મપત્નિ-વસંતશ્રીના રૂપ ઉપર મુગ્ધ થયો. તેણે ઓચીંતું બહાનું કાઢી હરિબળને બહારગામ મોકલ્યો અને પાછળથી કોઈ ન જાણે તેમ વસંતશ્રીના આવાસમાં આવી, પોતાની પાપવાસના પ્રકટ કરી વસંતશ્રી એક બહાદૂર સ્ત્રી હતી. તેની રગોમાં શુદ્ધ ક્ષત્રીયતાનું તેજ વહેતું હતું. તેણીએ કામાંધ રાજાને, હાથે-પગે બાંધીને એવી તો સખ્ત સજા કરી કે રાજા પોતાની ખોડ ભૂલી ગયો.

બીજીવાર પણ વસંતશ્રીનાં રૂપ-લાવણ્યે તેણીની એવીજ આકરી કસોટી કરાવી. આ વારની બીજી અગ્નિપરીક્ષામાં પણ તે શુદ્ધ સુવર્ણરૂપે બહાર આવી. તેણીને પોતાના રૂપ ઉપર એટલો તિરસ્કાર છૂટ્યો કે તે દિવસથી તેણીએ બધાંજ શ્રૃંગાર તેમજ આભૂષણોનો સર્વથા ત્યાગ કર્યો અને પતિ-પત્ની બહુ જ સાદી રીતે જીવન ગાળવા લાગ્યાં.

કાળક્રમે આ વાત વસંતશ્રીના પિતા-કાંચનપુરના મહારાજાના જાણવામાં આવી. તેણે પોતાની પુત્રી અને જમાઇને ભારે સમારોહ સાથે પોતાના રાજ્યમાં બોલાવ્યા અને હરિબળ માછીને રાજ્યતંત્રનો મુખ્ય અધિકારી નીમ્યો.

નીચ કૂળમાં જન્મવા છતાં હરીબળ માછી પોતાના ગુણ અને પરાક્રમને લીધે સર્વત્ર પ્રીતિપાત્ર થઈ પડ્યો. તેની ઉજ્જવળ કીર્ત્તિએ તેના કૂળને ઢાંકી દીધું. ઉંડી અને અંધારી ખાણોમાં પણ કેવા હીરા નીપજે છે તે હરિબળે પોતાના જીવનથી બતાવી આપ્યું.

પોતાનાં સુખ-સૌભાગ્ય, કીર્ત્તિકલાપ અને વૈભવ એ સર્વ મૂળે તો એક નજીવા વ્રતને જ આભારી છે, એ મહત્વની વાત હરિબળ સુખના દિવસોમાં પણ ન ભૂલ્યો. આખરે તેણે જૈન મુનિના મહાવ્રતનું અવલંબન સ્વીકાર્યું અને ભગવતી દીક્ષા લઈ જૈન સાધુ સંઘનો મહિમા દિગ્-દિગંત પર્યંત પ્રસાર્યો. આજે પણ જૈન સાહિત્યમાં હરિબળ માછીનું નામ ઉજ્જવળ અક્ષરે આલેખાઈ રહ્યું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંયમની સાધનાના જીવંત દૃષ્ટાંતો

લેખક : ડૉ. સોનેજી

(૧)

સંવત ૧૯૫૪ની સાલ.

પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચન્દ્ર આત્મ-સાધના અર્થે ચરોતર પ્રદેશના કાવિઠા ગામમાં નિવાસ કરીને રહ્યા હતા.

મુનિશ્રી મોહનલાલજી : મન સ્થિર રહેતું નથી, તેને સંયમમાં લેવા શું કરવું ?

શ્રીમદ્ : એક પળ પણ નકામો કાળ કાઢવો નહીં, કોઇ સારૂં પુસ્તક, વૈરાગ્યાદિની વૃદ્ધિ થાય તેવું, વાંચવું-વિચારવું. એ કાંઇ ન હોય તો પ્રભુના નામની માળા ગણવી. પણ જો મનને નવરું મેલશો તો ક્ષણવારમાં સત્યાનાશ વાળી દે તેવું છે. તેને માટે સદ્‌વિચારરૂપ ખોરાક આપવો.

જેમ ઢોરને કંઇ ને કંઈ ખાવાનું જોઇએ જ–ખાણનો ટોપલો આગળ મૂકયો હોય તો તે ખાધા કરે, તેમ મનનું પણ છે. બીજા વિકલ્પો બંધ કરવા હોય તો તેને સદ્‌વિચારરૂપ ખોરાક આપવો.

'મન કહે તેથી ઊલટું વર્તવું ; તેને વશ થઇ તણાઈ જવું નહીં.'

૦ ૦ ૦

(૨)

વ્રતપાલનમાં દઢતા રાખ્યા વિના કોઇની સાધના સિદ્ધિને પ્રાપ્ત થતી નથી. સેવામૂર્તિ શ્રી રવિશંકર મહારાજના જીવનના આ બે પ્રસંગો સંયમના પાલનની દઢતા સૂચવે છે.

એકવાર સેવાકાર્યો માટે તેઓશ્રી રાધનપુર વિસ્તારમાં ઘૂમતા હતા. રણ બાજૂનો વિસ્તાર એટલે ઉનાળામાં ગરમી લગભગ ૧૨૦ ડિગ્રી પડે. મહારાજશ્રી પગમાં જોડા પહેરતા નહોતા અને રાધનપુર દસેક માઇલ દૂર રહી ગયું હતું. તરસ પણ પુષ્કળ લાગી હતી. રસ્તાની બાજુમાં એક મંદિર દેખાયું. મહારાજ પાણી પીવા ગયા. મહંત મહારાજશ્રીને ઓળખતો હતો તેથી રાજી રાજી થઈ તેણે ખાંડનું પાણી મહારાજશ્રીને આપ્યું. મોંઢે માંડતા જ કોગળો કરી મહારાજે પાણી કાઢી નાખ્યું અને મહંતને પૂછયું, 'તમે આ પાણીમાં ખાંડ નાખી હતી ?' મહંતે હા કહી. મહારાજે ઊભા થઈ ચાલવા માંડયું પણ ખાંડ ન લેવાનો નિયમ ન તોડયો તે ન જ તોડયો. એકાદ કલાક પછી રાધનપુર પહોંચ્યા ત્યારે પાણી પીવાનો યોગ બન્યો.

૦ ૦ ૦

જે દિવસોમાં શ્રી રવિશંકર મહારાજ વાહન નહોતા વાપરતા તે સમયની આ વાત છે. એક વખત તેમને તેમના સંબંધીને ત્યાં એકાએક જવું પડે તેવો સંજોગ બન્યો. હાથમાં માત્ર છત્રીસ કલાકનો સમય હતો અને અંતર લગભગ ત્રીસ માઇલનું હતું. તેમણે તો સવારે વહેલા ઊઠીને ચાલવા માંડયું. સવાર–સાંજ થઇને એક જ દિવસમાં લગભગ ૩૦ માઈલની મંજિલ કાપી નાખી !

વ્રતપાલનમાં દઢ રહ્યા વિના સંયમમાર્ગની કઠોર સાધનામાં આગળ વધી શકાતું નથી, માટે સાધકે લીધેલી પ્રતિજ્ઞાનું નિર્વહન કરવું જ રહ્યું.

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભામાં અત્યાર સુધીમાં થયેલાં

# માનવંતા પેટ્રન સાહેબોની નામાવલી

૧ શ્રી બાબુસાહેબરાય સીતાબચંદજી બહાદુર

૨ ,, હઠીસંગ ઝવેરચંદ

૩ ,, રાયબહાદુરસાહેબ વિજયસિંહજી

૪ ,, સૌભાગ્યચંદ નગીનદાસ ઝવેરચંદ

૫ ,, બાલચંદ છાજેડ

૬ ,, જીવણલાલ ધરમચંદ

૭ ,, બાબુસાહેબ બહાદુરસિંહજી સીંધી

૮ ,, ચંદુલાલ સારાભાઈ

૯ ,, રાયબહાદુર કાંતિલાલ ઈશ્વરલાલ

૧૦ ,, માણેકચંદ જેચંદભાઈ

૧૧ ,, નાગરદાસ પુરૂષોત્તમ

૧૨ ,, રતીલાલ વાડીલાલ

૧૩ ,, માણેકલાલ ચુનીલાલ

૧૪ ,, નાનાલાલ હરીચંદ

૧૫ ,, કાંતીલાલ બકોરદાસ

૧૬ ,, રાયબહાદુર નાનજીભાઈ લધાભાઈ

૧૭ ,, ભોગીલાલ મગનલાલ

૧૮ ,, રતીલાલ વર્ધમાન

૧૯ ,, પદમશી પ્રેમજીભાઈ

૨૦ ,, રમણીકલાલ ભોગીલાલ

૨૧ ,, મોહનલાલ તારાચંદ

૨૨ ,, જાદવજી નરશીદાસ

૨૩ ,, ત્રિભુવનદાસ દુર્લભદાસ

૨૪ ,, ચંદુલાલ ટી. શાહ

૨૫ ,, રમણીકલાલ નાનચંદ

૨૬ ,, દુર્લભદાસ ઝવેરચંદ

૨૭ ,, દલીચંદ પરશોત્તમદાસ

૨૮ ,, ખાંતીલાલ અમરચંદ

૨૯ ,, રાયબહાદુર જીવતલાલ પ્રતાપશી

૩૦ ,, અમૃતલાલ કાળીદાસ

૩૧ ,, ખુશાલદાસ ખેંગારભાઈ

૩૨ ,, કાંતિલાલ જેસંગભાઈ

૩૩ શ્રી બબલચંદ કેશવલાલ

૩૪ ,, ચંદ્રકાન્ત ઉજમશી

૩૫ ,, પુંજાભાઈ દીપચંદ

૩૬ ,, લક્ષ્મીચંદ દુર્લભદાસ

૩૭ ,, કેશવલાલ લલ્લુભાઈ

૩૮ ,, ઓધવજી ધનજીભાઈ સોલીસીટર

૩૯ ,, મણીલાલ વનમાળીદાસ

૪૦ ,, સારાભાઈ હઠીસંગ

૪૧ ,, રમણલાલ દલસુખભાઈ

૪૨ ,, કેશવલાલ વજેચંદ

૪૩ ,, જમનાદાસ મોનજી

૪૪ ,, વીરચંદ પાનાચંદ

૪૫ ,, હીરાલાલ અમૃતલાલ

૪૬ ,, ગીરધરલાલ દીપચંદ

૪૭ ,, પરમાણંદ નરશીદાસ

૪૮ ,, લવજીભાઈ રાયચંદ

૪૯ ,, પાનાચંદ લલ્લુભાઈ

૫૦ ,, કસ્તુરભાઈ લાલભાઈ

૫૧ ,, પરશોતમદાસ મનસુખલાલ

૫૨ ,, મનસુખલાલ દીપચંદ

૫૩ ,, છોટાલાલ મગનલાલ

૫૪ ,, માણેકચંદ પોપટલાલ

૫૫ ,, નગીનદાસ કરમચંદ

૫૬ ,, ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ

૫૭ ,, સકરચંદ મોતીલાલ

૫૮ ,, પ્રાગજીભાઈ ઝવેરચંદ

૫૯ ,, ખીમચંદ લલ્લુભાઈ

૬૦ ,, પરશોતમદાસ સુરચંદ

૬૧ ,, કેશવજીભાઈ નેમચંદ

૬૨ ,, હાથીભાઈ ગુલાબચંદ

૬૩ ,, અમૃતલાલ ફુલચંદ

૬૪ ,, પોપટલાલ કેવળદાસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬૫ શ્રી ભગુભાઇ ચુનીલાલ
૬૬ ,, વનમાળીદાસ ઝવેરચંદ
૬૭ ,, બકુભાઈ મણીલાલ
૬૮ ,, ખીમચંદ મોતીચંદ
૬૯ ,, ચીમનલાલ ડાયાભાઈ
૭૦ ,, રમણલાલ જેશીંગભાઇ
૭૧ ,, મગનલાલ મૂળચંદ
૭૨ ,, નરોતમદાસ શામજીભાઇ
૭૩ ,, કેશવલાલ બુલાખીદાસ
૭૪ ,, મોહોલાલ મગનલાલ
૭૫ ,, ચીમનલાલ મગનલાલ
૭૬ ,, રતિલાલ ચત્રભુજ
૭૭ ,, પોપટલાલ ગીરધરલાલ
૭૮ ,, કાંતિલાલ હીરાલાલ કુસુમગર
૭૯ ,, લાલભાઈ ભોગીલાલ
૮૦ ,, સાકરલાલ ગાંડાલાલ
૮૧ ,, હરખચંદ વીરચંદ
૮૨ ,, ચંદુલાલ વર્ધમાન
૮૩ ,, છોટાલાલ ભાઇચંદ
૮૪ શ્રીમતી પ્રભાવતીબેન હરખચંદ
૮૫ શ્રી મનમોહનદાસ ગુલાબચંદ
૮૬ ,, કાંતિલાલ રતિલાલ
૮૭ ,, નૌતમલાલ અમૃતલાલ
૮૮ ,, જયંતિલાલ રતનચંદ
૮૯ ,, ભાણજીભાઈ ધરમશી
૯૦ ,, પાનાચંદ ડુંગરશી
૯૧ ,, નાનકચંદ રીખવચંદ
૯૨ શ્રીમતી કમળાબેન કાંતિલાલ
૯૩ શ્રી રમણલાલ નગીનદાસ
૯૪ ,, કપુરચંદ નેમચંદ
૯૫ ,, મંગળદાસ ગોપાળદાસ
૯૬ ,, રાયચંદ લલ્લુભાઈ
૯૭ ,, છોટુભાઇ રતનચંદ
૯૮ ,, હરગોવનદાસ રામજીભાઇ
૯૯ ,, નવીનચંદ્ર છગનલાલ
૧૦૦ ,, નવીનચંદ્ર જયંતિલાલ
૧૦૧ શ્રી શરદભાઈ જયંતિલાલ
૧૦૨ ,, તુલશીદાસ જગજીવનદાસ
૧૦૩ ,, નાનચંદ જુઠાભાઇ
૧૦૪ ,, ચંદુલાલ પુનમચંદ
૧૦૫ ,, સૌભાગ્યચંદ નવલચંદ
૧૦૬ ,, ચંપકલાલ કરશનદાસ
૧૦૭ ,, અમૃતલાલ ડાહ્યાભાઈ
૧૦૮ ,, મહીપતરાય વૃજલાલ
૧૦૯ ,, પોપટલાલ નરોત્તમદાસ
૧૧૦ ,, ગુલાબચંદ લાલચંદ
૧૧૧ ,, મનુભાઈ વીરજીભાઇ
૧૧૨ ,, ચંદુલાલ નગીનદાસ
૧૧૩ ,, મુળજીભાઇ જગજીવનદાસ
૧૧૪ ,, ચુનીલાલ ઝવેરચંદ
૧૧૫ શ્રીમતી લાછબાઇ મેઘજીભાઈ
૧૧૬ શ્રી સુખલાલ રાજપાળ
૧૧૭ ,, સુંદરલાલ મુળચંદ
૧૧૮ ,, પ્રાણજીવન રામચંદ
૧૧૯ ,, શાંતિલાલ સુંદરજી
૧૨૦ ,, પ્રાણલાલ કે. દોશી
૧૨૧ ,, ખાંતીલાલ લાલચંદ
૧૨૨ ,, ચીમનલાલ ખીમચંદ
૧૨૩ ,, ભોગીલાલભાઈ જેઠાલાલ
૧૨૪ શ્રીમતિ કંચનબેન ભોગીભાઇ
૧૨૫ શ્રી જયંતભાઇ માવજીભાઈ
૧૨૬ ,, ખુમચંદભાઈ રતનચંદ
૧૨૭ ,, સવાઇલાલ કેશવલાલ
૧૨૮ ,, નંદલાલ રૂપચંદ
૧૨૯ ,, જાદવજીભાઇ લખમશી
૧૩૦ ,, બાવચંદભાઇ મંગળજી
૧૩૧ ,, પોપટલાલ નરશીદાસ
૧૩૨ ,, ફુલચંદભાઇ લીલાધર
૧૩૩ ,, જીવરાજભાઇ નરભેરામ
૧૩૪ ,, માણેકલાલ ઝવેરચંદ
૧૩૫ ,, પ્રાણલાલભાઈ મોહનલાલ
૧૩૬ ,, હરસુખલાલ ભાઇચંદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૩૭ શ્રી ચંદુલાલભાઈ વનેચંદ
૧૩૮ ,, મનસુખલાલ હેમચંદ
૧૩૯ ,, પોપટલાલ મગનલાલ
૧૪૦ ,, કાંતિલાલ હરગોવન
૧૪૧ ,, અમૃતલાલ કાળીદાસ
૧૪૨ ,, કાંતીલાલ ભગવાનદાસ
૧૪૩ ,, નગીનદાસ અમૃતલાલ
૧૪૪ ,, પોપટલાલ નગીનદાસ
૧૪૫ ,, ચીમનલાલ નગીનદાસ
૧૪૬ ,, દીપચંદભાઈ એસ. ગાર્ડી
૧૪૭ ,, વાડીલાલભાઇ ચત્રભુજ
૧૪૮ ,, પન્નાલાલભાઈ લલ્લુભાઈ
૧૪૯ ,, તલકચંદભાઈ દામોદરદાસ
૧૫૦ શ્રીમતિ ભાનુમતીબેન વાડીલાલ
૧૫૧ શ્રી નાનચંદભાઈ તારાચંદ
૧૫૨ ,, હીરાલાલ જુઠાભાઈ
૧૫૩ ,, નારણજી શામજીભાઇ
૧૫૪ ,, વીરચંદ મીઠાભાઇ
૧૫૫ શ્રીમતિ અંજવાળીબેન બેચરદાસ
૧૫૬ શ્રી પ્રભુદાસ રામજીભાઇ
૧૫૭ ,, જયંતીલાલ એચ.
૧૫૮ ,, વૃજલાલ રતિલાલ
૧૫૯ ,, ચીમનલાલ હરીલાલ
૧૬૦ ,, વિજેન્દ્રભાઈ હીંમતલાલ
૧૬૧ શ્રી શાંતિલાલ બેચરદાસ
૧૬૨ ,, શામલજી ફુલચંદ
૧૬૩ ,, વૃજલાલ રતિલાલ
૧૬૪ ,, પ્રભુદાસ મોહનલાલ
૧૬૫ ,, નાનચંદ મુળચંદ
૧૬૬ ,, પ્રવિણચંદ્ર ફુલચંદ
૧૬૭ ,, ગીરધરલાલ જીવણભાઈ
૧૬૮ ,, મનસુખલાલ ચીમનલાલ
૧૬૯ ,, સુંદરલાલ ઉત્તમચંદ
૧૭૦ ,, દલીચંદ પુનમચંદ
૧૭૧ ,, કાંતિલાલ જીવરાજ
૧૭૨ ,, છોટાલાલ જમનાદાસ
૧૭૩ ,, પ્રતાપરાય બેચરદાસ
૧૭૪ ,, જસુભાઇ ચીમનલાલ
૧૭૫ ,, મનમોહનદાસ ફુલચંદ તંબોળી
૧૭૬ ,, મગનલાલ જેઠાભાઈ શાહ
૧૭૭ ,, રમણલાલ મંગળદાસ શાહ
૧૭૮ ,, શત્રુંજય મહાતીર્થ પદયાત્રા સંઘ સમિતિ
૧૭૯ ,, પ્રતાપરાય અનોપચંદ મહેતા
૧૮૦ ,, લહેરચંદ છોટાલાલ
૧૮૧ ,, સુધાકર શીવજીભાઈ
૧૮૨ ,, ગુલાબચંદ લલુભાઇ
૧૮૩ ,, દિનેશભાઇ વિરચંદભાઈ

卐

દુરાચારમાં પ્રવૃત્ત આત્મા આપણું જેટલું અનિષ્ટ કરે છે તેટલું અનિષ્ટ ગળા કાપવાવાળો કટ્ટર શત્રુ પણ નથી કરતા. આવા નિર્દયી મનુષ્ય મૃત્યુ સમયે પોતાના દુરાચાર જાણીને અવશ્ય પશ્ચાત્તાપ કરે છે.

× × ×

પોતાના સ્વાર્થને માટે અથવા બીજાના લાભને માટે ક્રોધથી અથવા ભયથી કોઇની પણ હિંસા થાય એવું અસત્ય વચન ન તો સ્વયં બોલવું, ન બીજા પાસે બોલાવવું.
('મહાવીર વાણી'માંથી)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ : સં. ૨૦૩૪ના કારતક થી આસો સુધીની
# વાર્ષિક અનુક્રમણિકા


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| **કારતક** | | |
| સુભાષિત રત્નો | | ૧ |
| પંચોતેરમા વર્ષમાં મંગળ પ્રવેશ | શાહ ગુલાબચંદ લલ્લુભાઈ | ૨ |
| મંગળ અભિલાષા | પં. પૂર્ણાનંદવિજયજી મહારાજ | ૩ |
| આત્મજ્ઞાની રાજકન્યા ચૂડાલા | સ્વ. મનસુખલાલ તારાચંદ મહેતા | ૪ |
| આસો માસની વિતતી રાતે | ડો. ભાઇલાલ એમ. બાવીશી | ૭ |
| ભીતર બોલે એકતારો | શ્રી મકરન્દભાઈ દવે | ૧૧ |
| માથાના વાળ કેમ વધાર્યા ? | શ્રી સુશીલ | ૧૫ |
| સમાચાર સંચય | | ટા. ૪ |
| **માગશર** | | |
| अहिंसा प्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः | સ્વામી વિવેકાનંદ | ૧૭ |
| મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ | વિઠલદાસ એમ. શાહ | ૧૮ |
| સ્વ. મનસુખલાલભાઇના વિચાર પુષ્પો | રક્તતેજ | ૨૦ |
| આર્દ્રકુમાર | સુશીલ | ૨૩ |
| જૈન ધર્મમાં સ્યાદ્વાદ | પં. શ્રી પૂર્ણાનંદવિજયજી | ૨૮ |
| સમાચાર સંચય | | ૩૧ |
| **પોષ** | | |
| મારૂં બ્યાશીમું વર્ષ (કાવ્ય) | સ્વ. પાદરાકર | ૩૩ |
| સ્વાધ્યાય | ડો. સોનેજી | ૩૪ |
| સુમધુર વિચારરાશિ | શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા | ૩૯ |
| એક પત્ર | | |
| ગર્વ ગળી ગયો ત્યારે.... | શ્રી કે. જે. દોશી | ૪૫ |
| સમાચાર સંચય | | ટા. ૪ |
| **મહા** | | |
| સંસાર અને સુખ | ડો. ધીરજલાલ મુનિ | ૪૯ |
| શ્રી વિજયાનંદસૂરીશ્વરનો અમર કાવ્યદેહ | શ્રી મોતીચંદ ગીરધર કાપડીયા | ૫૦ |
| સંભૂતિવિજય અને સ્થૂલભદ્રજી | અધ્યાયી | ૫૫ |
| વાત્સલ્યઘેલી માતા | સુશીલ | ૫૯ |
| હાર્વર્ડ યુનીવર્સીટીનો પત્ર | | ૬૬ |
| સ્વ. માસ્તર શામજીભાઈની જીવન ઝરમર | | ૬૮ |
| સમાચાર સંચય | | ટા. ૪ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| **ફાગણ-ચૈત્ર** | | |
| ૐ અર્હં મહાવીર જિનેશ્વર (કાવ્ય) | આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરી | ૬૯ |
| ભગવાન શ્રી મહાવીરસ્વામી | શાસ્ત્રી રમેશ લાલજી ગાલા | ૭૦ |
| અભિગ્રહ | શ્રી મણીલાલ વનમાળીદાસ શેઠ | ૭૩ |
| સદ્દાલપુત્રનો નિયતિવાદ | શ્રી અધ્યાયિ | ૭૭ |
| અપરિગ્રહનો આનંદ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૭૯ |
| 'મતિ તેવી ગતિ' અને 'સ્વભાવ તેવો પ્રભાવ' | ડૉ. ભાઈલાલ એમ. બાવીશી | ૮૧ |
| ભગવાન મહાવીરનો ઔદાર્યવાદ | પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ | ૮૩ |
| જીવન અને જગતને અમૃતમય કરનાર જ્ઞાનોપાસકની ચિરવિદાય | રતિલાલ દીપચંદ દેસાઈ | ૮૭ |
| ડૉ. નરોત્તમદાસ કાપડીયા | કુન્દનિકા કાપડીઆ | ૯૧ |
| અપૂર્વ અવસર એવો કયારે આવશે | શ્રીમદ્ રાજચંદ્ર | ૯૪ |
| શ્રીમદ્ રાજચંદ્રની સીદ્ધપદ ભાવના | સરયુબેન મહેતા | ૯૫ |
| સ્વ. પ્રિય મિત્ર રમણભાઇ શેઠ | શ્રી ગુલાબચંદ લલ્લુભાઇ | ૯૯ |
| સમાચાર સંચય | | ૧૦૦ |
| **વૈશાખ** | | |
| આત્મદૃષ્ટિ | શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી | ૧૦૯ |
| ભક્તિભાવના | શ્રી માનવિજય ઉપાધ્યાય | ૧૧૦ |
| સ્વાધ્યાયનુ સ્વરૂપ અને મહાત્મ્ય | ડૉ. સોનેજી | ૧૧૨ |
| સાચી માનવતા અને સજ્જનતા | " મૌક્તિક " | ૧૧૫ |
| મિથિલાપતી નમીરાજ | સુશીલ | ૧૧૬ |
| આત્માનંદ સભાનો સં. ૨૦૩૩નો હિસાબ | | ૧૨૨ |
| સમાચાર સંચય | | ૧૨૭ |
| **જયેષ્ઠ** | | |
| સંસાર સાગરે (કાવ્ય) | ડૉ. ધીરજલાલ મુનિ | ૧૩૧ |
| બહિરાત્મા અને અંતરાત્મા | રતીલાલ માણેકચંદ શાહ | ૧૩૨ |
| શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનું આદર્શ જીવન | મુનિશ્રી ચરણવિજયજી | ૧૩૩ |
| સ્વામિભાઇનું એક અનોખું ચિત્ર | શ્રી જગજીવનદાસ કપાસી | ૧૩૪ |
| વીર્યપતનથી સર્જાતો નાશ | પં. શ્રી પૂર્ણાનંદવિજયજી (કુમારશ્રમણ) | ૧૩૭ |
| ગણિકાના આવાસમાં મહાત્માનો નિવાસ | અધ્યાયી | ૧૩૯ |
| જ્ઞાનીની દશા | | ૧૪૫ |
| આ.શ્રી વિજય ધર્મધુરધરસૂરીશ્વરજીનું જીવન | | ૧૪૬ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| **અષાડ** | | |
| પૂર્ણ અને પવિત્ર દર્શન | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૪૭ |
| પ્રભાવક જૈનાચાર્યોનું સંસ્મરણ | પંડિત લાલચંદ્રજી | ૧૪૮ |
| યાત્રા બત્રીશી (કાવ્ય) | ડૉ. ભાઇલાલ બાવીશી | ૧૫૨ |
| બુદ્ધ ભગવાનનું મહા પરિનિર્વાણ | શ્રી ખીમચંદ ચાંપશી શાહ | ૧૫૪ |
| આત્મભ્રાન્તિ | શ્રી રતિલાલ માણેકચંદ શાહ | ૧૫૯ |
| કર્મ અવલોકન | શાસ્ત્રી રમેશ લાલજી | ૧૬૧ |
| સમાચાર સંચય | | ૧૬૩ |
| **શ્રાવણ-ભાદરવો** | | |
| જિનવચનના શ્રવણાદિકથી અને કર્મના ક્ષયોપશમથી સમ્યગ્દર્શન થાય છે | શ્રીમદ્ હરિભદ્રસૂરિ | ૧૬૫ |
| જીવનદૃષ્ટિ (કાવ્ય) | ડૉ. ધીરજલાલ મુનિ | ૧૬૬ |
| સ્યાદ્વાદ જ અમૃતવાદ | પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ | ૧૬૭ |
| ક્ષમા | ડૉ. મુકુંદ સોનેજી | ૧૭૦ |
| ભગવાન મહાવીરની દૃષ્ટિએ સાધક જીવનમાં વૈરાગ્યનું સ્વરૂપ | ઉપા. અમરમુનિ અનુ. કાન્તિલાલ જ. દોશી | ૧૭૩ |
| વિના ભાવના નહિ સાધના | ડૉ. ભાઈલાલ એમ. બાવીશી | ૧૭૫ |
| નિઃશંક શ્રદ્ધા | શ્રી અધ્યાયી | ૧૭૮ |
| દ્વાદશારં નયચક્રમ્ અંગે એક અભિપ્રાય | | ૧૮૦ |
| પ્રતિક્રમણ | શાસ્ત્રી રમેશ લાલજી ગાલા | ૧૮૨ |
| પર્યુષણ પર્વ ક્ષમાપના (કાવ્ય) | જયંતિલાલ મોહનલાલ ઝવેરી | ૧૮૩ |
| ક્ષમા આપવાથી ક્ષમા મળે | ફાધર વાલેસ | ૧૮૪ |
| પ્રેમપૂર્વકના ત્યાગનો આનંદ | સુશીલ | ૧૮૫ |
| સમાચાર સંચય | | ૧૮૯ |
| **આસો** | | |
| નિરાભિમાનીને હંમેશા શાંતિ હોય છે | સ્વ. આ.શ્રી વિજયધર્મસૂરિ | ૧૯૭ |
| એકલા આવ્યા, જીવન ધ્યેય, વીજ ઝબકારા (કાવ્ય) | કમળાબેન ઠક્કર | ૧૯૮ |
| એક મહાન વિભૂતિ સ્વ. આ.શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ | જયભિખ્ખુ | ૧૯૯ |
| સ્યાદ્વાદ જ અમૃતવાદ છે | પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ | ૨૦૩ |
| પેટ્રન સાહેબોની નામાવલિ | | ૨૦૬ |
| હરીબળ માછી | સુશીલ | ૨૦૯ |
| સંયમની સાધનાનાં જીવંત દૃષ્ટાંતો | ડૉ. સોનેજી | ૨૧૨ |
| વાર્ષિક અનુક્રમણિકા | | ૨૧૭ |
| સમાચાર સંચય | | ૨૧૯ |


卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર સંચય

## 'સામાયિક-મંડળ' પાલિતાણાનો વાર્ષિકોત્સવ

દર વર્ષની જેમ આ વર્ષે પણ 'સામાયિક-મંડળે' ( પાલિતાણા ) હમણાં જ પોતાનો દશમો સ્થાપના-દિન વાર્ષિકોત્સવ તરીકે જુદા જુદા કાર્યક્રમો યોજી ઉજવ્યો.

'સામાયિક-મંડળ' છેલ્લા દશ વર્ષથી શ્રી ભાવસાર ધર્મશાળા ( પાલિતાણા )માં દર રવિવારે 'સામાયિક' કરે છે. અને આનુષંગિક પ્રવૃત્તિઓ સ્નાત્ર-પૂજા, અષ્ટ પ્રકારી પૂજા, પૌષધ, પ્રતિક્રમણ, તીર્થયાત્રા, પ્રાસંગિક સમારંભો આદિ પ્રસંગોપાત કરે છે. પ્રસ્તુત મંડળમાં પંડિતો, શિક્ષકો, ડોકટરો, તંત્રીઓ, વેપારીઓ, વિદ્યાર્થીઓ, યુવાનો-એમ દરેક કક્ષાનાં અને જુદા જુદા વર્ગનાં જિજ્ઞાસુઓ આદિ 'સામાયિક' કરે છે અને અન્ય પ્રવૃત્તિઓમાં રસ લે છે.

દશમા વાર્ષિક દિનની ઉજવણી 'સ્નાત્ર-પૂજા'થી શરૂ કરી પછી પંચ કલ્યાણક અષ્ટ પ્રકારી પૂજા ભણાવી, જે વખતે મંડળનાં સભ્યો ઉપરાંત ચતુર્વિધ સંઘે અને આગેવાનોએ સારી હાજરી આપી અનુમોદના કરી. સૌને વિશેષ આનંદ તો એ થયો કે, પૂ. આ. શ્રી વિજયચંદ્રસૂરીશ્વરજી અને પં. શ્રી હેમપ્રભવિજયજી આદિએ પોતાના શિષ્યો પરિવાર સાથે પધારી પ્રસંગની અનુમોદના કરી. તેઓશ્રીએ પણ સુંદર શૈલી અને રાગમાં પૂજાઓ ગાઈને સૌને પ્રોત્સાહિત કર્યાં.

ભોજન બાદ મંડળની વાર્ષિક સભા ડો. ભાઈલાલ એમ. બાવીશીના પ્રમુખપદે યોજવામાં આવી. મંડળનાં ઉપપ્રમુખ શ્રી સાકરભાઈ વેલાણીએ વર્ષ દરમ્માન સૌથી વધારે સામાયિક કરતાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરોને પુરસ્કાર આપવા ( પોતાના તરફથી ) જાહેરાત કરી. પ્રસ્તુત પુરસ્કાર મંડળનાં પ્રમુખશ્રી ડૉ. બાવીશી સાહેબે નવકારપૂર્વક ત્રણે સભ્યોને તિલક કરી અર્પણ કર્યાં અને ધન્યવાદ આપ્યા. પછી પ્રમુખશ્રીએ પોતાનું પ્રવચન કર્યું. પ્રવચનમાં મંડળનાં શીસ્ત અને નિયમો પર ખાસ ભાર મૂકવામાં આવેલ.

પછી મંડળનાં સભ્યો શ્રી મનસુખલાલ ચાંપશીભાઈ અને કીર્તિકુમાર મનસુખલાલે પોતાના સ્વ-રચિત ગીતો 'વર્ષગાંઠ' અને 'તીર્થયાત્રા'ને અનુલક્ષી ઉલ્લાસપૂર્વક ગાયા હતાં. અંતમાં આ પ્રસંગે મંડળનાં દિવંગત સ્વ. સભ્યો શ્રી શામજીભાઈ માસ્તર, શ્રી છગનભાઈ સલોત અને શ્રી ખીમચંદભાઇ કચ્છી જેઓ મંડળમાં સારો ભાગ લેતા હતાં તેમને યાદ કરી શ્રદ્ધાંજલિ વ્યક્ત કરી હતી.

આવા પ્રસંગો વારંવાર યોજાય અને પ્રેરણા અને પ્રોત્સાહન મળ્યા કરે એવી ઉંચી ભાવના ભાવતા સૌએ વિદાય લીધી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જીનેન્દ્ર ભક્તિ મહોત્સવ.

ભાવનગર સ્વ. શ્રી જગજીવનદાસ ભગવાનદાસના આત્મશ્રેયાર્થે કૃષ્ણુનગરના દેરાસરમાં તેમના કુટુંબ તરફથી ત્રણ દિવસનો ધાર્મિક મહોત્સવ રાખવામાં આવ્યો હતો અને કૃષ્ણુનગર સોસાયટિનું સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

---

## શોક સભા

ભાદરવા સુદ ૧૫ ના રોજ ભાવનગર જૈન સંઘ તરફથી શેઠશ્રી રમણિકલાલ ભોગીલાલ શાહના પ્રમુખપદે ભૂતપૂર્વ સેક્રેટરી સ્વ. શ્રી જગજીવનદાસ ભગવાનદાસ માટે શોક સભા રાખવામાં આવી હતી. તેમાં જુદી જુદી વ્યક્તિઓએ તેમણે આપેલ સંઘસેવા માટે ગુણાનુવાદ કર્યો હતો. પ્રમુખસાહેબે જણાવ્યું કે, આપણા સંઘની એકતા અને સંગઠન કાયમ જળવાઈ રહે તે માટે તેઓ સદા જાગ્રત રહેતા હતા. તેમણે સંઘના સેક્રેટરી તરીકે તે સ્થાનને ગૌરવભર્યું અને પ્રતિષ્ઠિત બનાવ્યું હતું.

આ પ્રસંગે ગુલાબચંદ લલુભાઈએ પત્ર દ્વારા નીચે મુજબ સંદેશો મોકલાવ્યો હતો.

મારા સ્નેહી શ્રી જગજીવનદાસભાઈની આજની મળેલ શોકસભામાં મારા પગની તકલીફને લઈને આવી શકાયું નથી તે માટે દુઃખ થાય છે.

મારા એ સ્વર્ગસ્થ મિત્રે જૈન શાસનની અનેક સેવા કરી છે. વર્ષો સુધી આપણા સંઘના સેક્રેટરીના સ્થાને રહી ઉમદા સેવા બજાવી છે.

તેમના સાથે મેં સેક્રેટરી તરીકે લગભગ આઠ વર્ષ કામ કરેલ છે. તેથી તેમના જીવનમાં ઘણા પ્રકારની ઉમદા સુવાસ મેં અનુભવી છે. તેમની શુભ ભાવનાના ફળ તરીકે સંઘમાં ઘણા માંગલિક કાર્યો થયા છે. તેમના જીવનમાં સેવાની ભાવના ઓતપ્રોત હતી, દીર્ઘદૃષ્ટિ હતી, સાદાઇ અને વિવેકશીલતા સાથે કાર્યકુશળતા હતી. જેને લઈને ભાવનગરના જૈન સંઘનું ગૌરવ વધારવામાં તેમનો ફાળો સ્વ. શેઠ ભોગીલાલભાઇના સાથે મોખરે રહેલ. તેઓ ઉદાર દિલ, સમાધાનપ્રિય અને મળતાવડા સ્વભાવના હતા. સંઘની એકતા તેમનું મુખ્ય જીવનસુત્ર હતું. આવા નિરાભિમાની અને સેવાભાવિ કાર્યકુશળ વ્યક્તિની ખોટ આપણા સંઘને પડી છે. તેમનો આત્મા પરમ ઉચ્ચ ગતિનો ભોક્તા બને એ માટે શાસનદેવ પ્રતિ પ્રાર્થના.

સંઘે કરેલ ઠરાવ નીચે મુજબ—

આપણા સંઘના અગ્રગણ્ય આગેવાન ભૂતપૂર્વ માનદ્ મંત્રી તેમજ આપણા સમાજની અનેક સંસ્થાઓ સાથે સક્રીય રીતે સંકળાએલ સૌજન્યમૂર્તી સેવાપરાયણ દીલાવર શ્રેષ્ઠીવર્ય શ્રી જગજીવનદાસ ભગવાનદાસનું નિધન થતા આ સભા ઊંડો ખેદ અને ગ્લાની અનુભવે છે આપણા સંઘની કાર્યવાહી સાથે તેઓ વર્ષોથી જોડાએલ હતા. સંઘની તેઓશ્રીએ તન, મન અને ધનથી યથાશક્તી સેવા કરી છે,

---



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## જિનદત્તકથાનકમ્

**( અમારૂં નવું પ્રકાશન )**

અમારી સભા તરફથી છપાઈ તૈયાર થઈ જવા આવેલ છે. કારતક સુદ ૧ના બહાર પડી જશે.

પ્રસ્તુત જિનદત્તકથાનક સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી એવો કથાગ્રંથ છે.

સ્વ. પૂજ્યપાદ આગમપ્રભાકર શ્રુત-શિલવારિધિ શ્રી પુણ્યવિજયજી મહારાજની ઈચ્છાનુસાર આ ગ્રંથ પ્રકાશન કરવામાં સફળ થતા ખુબ આનંદ અને સંતોષ અનુભવાય છે.

અમારી વિનંતિને ધ્યાનમાં લઈને પરમ પૂજ્ય સાધ્વીજી મહારાજશ્રી ઓંકારશ્રીજી મહારાજે આ ગ્રંથનું સંપાદન-સંશોધનનું કાર્ય કરી આપવાની કૃપા કરી છે.


આ કથાનકનો ગુજરાતી ભાષામાં પણ સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે. આ ગ્રંથ દરેક લાયબ્રેરીમાં વસાવવા યોગ્ય છે.

**કિંમત રૂા. ૮-૦૦**

લખો :

**શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર**




( ટાઇટલ પેજ ૪ થી ચાલુ )

૮. બધા તમારા જેવા જ હોય એવી અપેક્ષા ન રાખો. દરેકને ખુશ રાખવાની કોશિશમાં ન થાકો-હારો, ન વ્યગ્ર બનો. બધાંને રીઝવવાં અશક્ય છે, એથી તમે નાહકના અશાંત, ચિંતિત અને ક્ષુબ્ધ થશો. બસ શિષ્ટ, સહૃદય, મૈત્રીપૂર્ણ અને નિષ્કપટ રહેવાનો પ્રયત્ન કરો, એટલું ઘણું છે.

૯. બધાએ તમારી વાતો ધ્યાનથી સાંભળવી જોઈએ, બધાએ તમારામાં રસ લેવો જોઈએ અને બધાએ તમારી મદદમાં આવવું જોઈએ એવું ન વિચારો. લોકોને પોતાની પસંદ. પ્રમાણે આવવા-જવા દો.

મિત્રો પર લાગણીઓના સ્તરે અવલંબન ન રાખો કે જેથી એ તમને છોડી જાય તો તમને માઠું લાગે.

૧૦. તમારી જીવન-પદ્ધતિ વિવેકપૂર્ણ બનાવો. દરેક ક્ષણ-પળને કામકાજથી ભરી દેવાની, મોડી રાત સુધી કામમાં રચ્યાપચ્યા રહેવાની અને હંમેશાં ઉતાવળમાં રહેવાની ટેવથી બચો. દિવસમાં થોડો વખત શાંત ચિત્તે ખાલી બેસવાની ટેવ પાડો. તમારા આરોગ્ય તેમજ ભોજન પાછળ પણ નિરાંતનો સમય આપો.

જૈન સોશ્યલ ગ્રુપ-મુંબઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ATMANAND PRAKASH Regd. G. BV. 31

# તાણમુક્ત શી રીતે રહેશો ?

તાણ-મુક્તિનું રહસ્ય-જે ઘણા લોકો માટે પરમ દુર્બોધ રહસ્ય છે-આખરે છે શું ?

એ જ કે સાચી રીતે જીવો અને જીવન તરફ સાચું વલણ પેદા કરો, અને આ છે તેના દસ નિયમ :

૧. ઘણાંબધાં કામ સાથે કરવાની કોશિશ ન કરો. આપણામાંથી ઘણા માત્ર આ જ કારણસર ખીજાયેલા અને કલાંત રહે છે. તેઓ આખો દિવસ પોતે જે કરવા માગતા હોય તેના પર જ વિચાર્યા કરે છે.

આખા દિવસની એક યોજના બનાવો. કયા કામ સૌથી મહત્વનાં છે તે પસંદ કરી લો અને તેના પર જ ચિત્ત એકાગ્ર કરો. બાકીની બાબતો મગજમાંથી કાઢી નાખો.

૨. એક સાથે ઘણાં બધાં કામ પતાવવાની ચેષ્ટા ન કરો. એક કામ પૂરું કર્યા પછી જ બીજું શરૂ કરો. જો હાથમાં લીધેલું કામ જટિલ હોય તો, તેને જુદા જુદા તબક્કામાં વહેંચી દો અને તબક્કાને ક્રમસર પૂરો કરો. એક કામ અધૂરું મૂકીને બીજામાં કૂદી પડતાં બચો.

૩. તમે જે કામ સારી રીતે કરી શકો તેમ હો, તેટલું જ કામ હાથ પર લો. કાર ચલાવતાં કે ટ્રેન, બસ વગેરેમાં મુસાફરી વખતે વચ્ચે વચ્ચે થોડો સમય આરામ માટે પણ રાખો. થોડા ઉંડા શ્વાસ લઇને, તાણ દૂર કરીને ચિત્તને સ્વસ્થ બનાવો.

૪. તર્કયુક્ત મહાત્ત્વાકાંક્ષાઓ જ રાખો. જાત પ્રત્યે પ્રમાણિક રહો. તમે શું શું કરી શકો છો, શું વધુ સારી રીતે કરી શકો છો અને શું નથી કરી શકતા તે જાણો. જે વસ્તુની સમુચિત સંભાવના હોય તેની જ કામના કરો.

૫. અતિ મહત્ત્વાકાંક્ષી ન બનો. સફળતાનું-પોતાના બંધુ-મિત્ર-પરિચિતોથી આગળ નીકળી જવાનું ભૂત માથા પર સવાર ન થવા દો.

અને એવું ન થવા દો કે મહત્ત્વાકાંક્ષા જ તમને હંકારતી રહે કે તમે કદી તેનાથી સંતુષ્ટ ન થાવ; વીસને બદલે ઓગણીસ વસ્તુ મેળવીને તમને જરાય પ્રસન્નતા ન થાય એવું ન થવા દો. ખરી વાત તો છે યોગ્ય રીતે જીવવાની.

૬. બીજાઓની ઈર્ષ્યા ન કરો. તમારી પાસે જે છે તેને માટે ઈશ્વરનો આભાર માનો, તેનો પૂરો આનંદ લો. પાડોશીઓની બરાબરી કરવા માટે ઉછાળા ન મારો. લોકોને પછાડવાની ઈચ્છા કરવાને બદલે તેમને ખુશ જોઈને આનંદ પામવાની ટેવ પાડો.

૭. બધા તમારી સાથે સહમત થાય અને તમારા કહ્યા પ્રમાણે અને તમારી ઈચ્છા પ્રમાણે જ ચાલે એવી અપેક્ષા કદી ન રાખો. તમને જો આ આદત હોય તો તમે એક ક્ષણ પણ તાણ-મુક્ત નહિ રહી શકો. કારણ, તમે કોઇને કોઈની સાથે કોઇને કોઈ બાબત અંગે સંકળાયેલા રહેશો. ચુપચાપ તમારૂં કામ કરતા રહો, બીજાઓને તેમના હિસાબ પ્રમાણે ચાલવા દો.

( અનુસંધાન ટાઇટલ પેજ ૩ ઉપર )

તંત્રી : શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી:
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : ગિરધરલાલ ફૂલચંદ શાહ, સાધના મુદ્રણાલય, દાણપીઠ : ભાવનગર

For Private And Personal Use Only